અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

અવધ ટાઇમ્સ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૯-૦૫-૨૦૨૪ બુધવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૯૪
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ વૈશાખ વદ ૬ વર્ષ : ૨૮ અંક ૨૪૫

ટયુશન કલાસીસ, એક્સીસ બેંક, બીજ નિગમ સહિત ૩૫ સંસ્થાન ધરાવતા

અમરેલીનાં નાગનાથ કોમ્પલેક્ષને સીલ કરતું ફાયર તંત્ર

ફાયર તંત્ર દ્વારા એક વર્ષ પહેલા સેફ્ટીની સુવિધા ઉભી ન કરાતા નોટીસ અપાયા છતા નોટીસની અવગણના કરવામાં આવતા આખુ કોમ્પલેક્ષ સીલ કરી દેવામાં આવ્યું

ફાયર ઓફીસર શ્રી ગઢવીએ વિવિધ સરકારી તંત્રને સાથે રાખી સાંજે એટીએમ, બેંક સહિતનાં આખા કોમ્પલેક્ષને સીલ કર્યુ : આજે સેફટી વગરની બીજી ઇમારતોનો વારો

અમરેલી,(ઇસ્કરિપોટર)
રાજકોટની દુર્ઘટનાને પગલે આખા રાજ્યમાં તંત્ર જાગ્યુ છે ઘોડા નાસી ગયા પછી તબેલે તાળા જેવો ઘાટ રાજ્યભરમાં સર્જાઈ રહયો છે ત્યારે અમરેલીની એક્સીસ બેંક જેમાં છે તેવા કોમર્શિયલ બિલ્ડીંગ નાગનાથ કોમ્પલેક્ષને ફાયર તંત્રએ સીલ કરી દીધુ છે.

અમરેલી શહેરની મધ્યમાં આવેલ નાગનાથ મંદિર પાસે કાર્યરત કોમર્શિયલ બિલ્ડીંગ 'નાગનાથ કોમ્પલેક્ષ' જેઓને ગત તારીખ ૨૩/૨/૨૦૨૩ નારોજ ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવા બાબતે ખ-૧૦ ની નોટિસ પાઠવવામાં આવેલ તેમ છતાં આજદિન સુધી નોટિસ ની

(અનુ. પાના નં.૨)

ફાયર તંત્ર દ્વારા સબંધીતોને જાણ કરી દેવામાં આવેલી જ છે

અમરેલીમાં સેફ્ટી વગરનાં બિલ્ડીંગો સામે પગલાઓ શરૂ રહેશે : શ્રી ગઢવી

નાગનાથ કોમ્પલેક્ષમાં સવા વર્ષ પહેલા ફાયર તંત્રએ નોટીસો આપી હતી પણ તેની અવગણના કરાઇ હતી

અમરેલી,(ઇસ્કરિપોટર)
અમરેલીમાં સેફ્ટી વગરનાં બિલ્ડીંગો સામે પગલાઓ શરૂ થયા છે. ઈમારતોમાં અને જ્યાં સૌથી વધુ જોખમ છે તેવી જગ્યાએ સલામની માટે ફાયર તંત્ર દ્વારા સબંધીતોને જાણ કરી દેવામાં આવેલી જ છે અને હજુ પણ અમરેલીમાં સેફટી વગરનાં કાર્ઇટ એરીયામાં આવતા બિલ્ડીંગો સામે પગલા શરૂ રહેશે તેમ ચીફ ફાયર ઓફીસર શ્રી એચ.સી. ગઢવીએ જણાવ્યું હતુ.

શ્રી ગઢવીએ જણાવેલ કે નાગનાથ કોમ્પલેક્ષમાં સવા વર્ષ પહેલા ફાયર તંત્રએ નોટીસો આપી હતી પણ તેની અવગણના કરાઇ હતી અને અહીં ટયુશન કલાસીસ, કોમ્પ્યુટર કલાસીસ સહિતની તકેદારી લેવી પડે તેવી બાબતો હતી.

રાજકોટની ઘટનાને પગલે

અમરેલીના ફાયર વિભાગમાં વિવિધ સરકારી કચેરીઓમાંથી ફોન આવ્યાં

સરકારી કચેરીઓમાં ફાયરની સલામતી માટે ચિંતા વ્યક્ત

અમરેલી,
રાજકોટની ઘટનાને પગલે અમરેલીના ફાયર વિભાગમાં સરકારી કચેરીઓમાંથી ફોન આવ્યાં હતા અને સરકારી કચેરીઓમાં ફાયરની સલામતી માટે ચિંતા વ્યક્ત કરાઇ હતી તેમ ફાયર ઓફીસર શ્રી ગઢવીએ જણાવ્યું હતુ.

અમરેલીનું નંબર વન
દિકરીઓ માટે સ્કૂલ, હોસ્ટેલ ફી માત્ર 50%
નિત્યમ વિદ્યા સંકુલ
તે પહેલા પહેલા
એડમિશન ઓપન
બાલમંદિરથી ધોરણ - ૧૨ (સાયન્સ, કોમર્સ, આર્ટસ)
ગુજરાતી / ઇંગ્લીશ મિડીયમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ
લાઠી રોડ, સહજ સિટી, અમરેલી મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

મનાલી ફરવા જવું હોય કે ગોવા
કેરી, બરમુડા તો આફિન ના જ
ઉનાળા વેકેસન માં ફરવા માટે
સ્પે. એરપોર્ટ કલેશન
કપલ વેર-ટ્રાવેલીંગવેર
રિલેક્ષવેર,
ટી-શર્ટ, શોર્ટર્સ,બરમુડા
સેન્ડો જેવી માટે ફેમેલી માટે
વેરાયટી આવી ગયેલ છે.
9999/- ની ખરીદી પર ટ્રોલી બેગ ફ્રી
5999/- ની ખરીદી પર સાઇડ બેગ ફ્રી
freen
11-Jalaram chamber, Library Road, AMRELI - 365601 (Guj.) India.
Siraj Dal - +91 9714477715

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૩,૯૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૮-૦૫-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

ઈમરજન્સી સારવાર....
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
પોઇઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
૨૪X૭ કલાક ઇમરજન્સી સારવાર
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૬૩૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૬૩૮૨ ૬૩૦૦૦

POLOI PLUS પોલોઇ પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
100% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

Sheetal
ક્રીમી અને સ્વાદિષ્ટ શીતલ શ્રીખંડ
હવે, 6 KG માં પણ ઉપલબ્ધ
Sheetal Shrikhand
આપના 25 થી 30 લોકો ના શુભ પ્રસંગ માટે ઉત્તમ પસંદગી...
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...

રાજકોટનાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિ કાંડમાં જીણામાં જીણી વિગતો મેળવી

રાજકોટમાં મૃતકોનાં પરિવારોને સાંત્વના પાઠવતા શ્રી રૂપાલા

અગ્નિ કાંડમાં ૨૮ લોકોનાં મોત થતા કેટલાક પરિવારજનોને સાંત્વના પાઠવી

પશ્ચિમ બંગાળથી જાણ થતા શ્રી પરશોત્તમ રૂપાલા તુરંત રાજકોટ ખાતે દોડી આવ્યાં

મુખ્યમંત્રી આવ્યા ત્યારે સર્વપ્રથમ હું જ તેમને મળ્યો હતો અને બનાવની ચર્ચા કરી હતી

રાજકોટમાં માત્ર હું ઘટના સ્થળે નહોતો ગયો પણ તંત્ર સાથે બનાવ અંગે સંકલનમાં હતો

અમરેલી, રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિ કાંડમાં ૨૮ લોકોનાં મોત

આ અંગે શ્રી રૂપાલાએ ઘટનાની જીણામાં જીણી વિગતો મેળવી બનાવથી વાકેફ થયા હતાં અને શ્રી રૂપાલા મૃતકોનાં પરિવારજનોને મળ્યા હતા તથા તંત્ર સાથે સંકલનમાં રહી જરૂરી વિગતો મેળવી હતી અને કામગીરી સમીક્ષા કરી હતી. આ અંગે કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલાએ જણાવ્યું હતું કે, હું તંત્ર સાથે કોર્ડીનેશન કરતો હતો.

મુખ્યમંત્રી આવ્યાં ત્યારે પણ સર્વ પ્રથમ તેમને હું મળ્યો હતો. પણ જે પ્રક્રિયા ચાલી રહી હતી તેનું વ્યવધાન ન થાય તેથી હું બધા સાથે સંપર્કમાં રહી સંકળાયેલો હતો તેમ શ્રી રૂપાલાએ જણાવ્યું હતું. માત્ર ઘટના સ્થળે નહોતો ગયો તેમ જણાવી શ્રી રૂપાલા પીડીતોનાં પરિવારજનોને મળ્યાં હતાં. રાજકોટનાં સિવિલ હોસ્પિટલમાં પીએમ રૂમની મુલાકાત લીધી હતી અને પીડીતોનાં પરિવારોને સાંત્વના પાઠવી હતી.

જાળીયા ગામનાં દર્દીની સફળ સર્જરી કરી ગાંઠ બહાર કાઢી

શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીમાં સર્જરી વિભાગ ના ડો. નોકુંજ ભેસાણીયા દ્વારા બ્રેસ્ટ કેન્સરની સફળ સર્જરી

મહિના પહેલા બતાવ્યાં બાદમાં દુઃખાવો વધતા ગાંઠની બાયોપ્સી કરાવાતા કેન્સરની ગાંઠ નિકળી

અમરેલી,

અમરેલી જીલ્લાના જાળિયા ગામના ૩૮વર્ષીય દર્દી વિમળાબેન કમલેશભાઈ જાળેરા શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે સર્જીરી વિભાગમાં ત્રણેક મહિના પહેલા બતાવવા આવેલ હતા ત્યારે તેમણે બાજુના સ્થન ભાગે ગાંઠ હતી જેમાં અસહ્ય દુખાવો થતો હતો. અગાઉ પણ આ બાબતે તેમણે બીજી મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ માં સારવાર લીધેલ હતી પરંતુ દુઃખાવો વધતો જતો હોવાથી ડો.નિકુંજનીસલાહ મુજબ જરૂરી રિપોર્ટ અને ગાંઠની બયોપ્સી કરાવતા તેમને આ ગાંઠ કેન્સરની હોવાનું જણાયું હતું. જે બાબતે તેમને સર્જરી ના ડૉક્ટર યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડતા તેઓ ઓપરેશન માટે દાખલ થયેલા હતા હોસ્પિટલના સર્જન ડો.નિકુંજ ભેસાણીયા તથા ડો.જીગ્નેશ રાઠોડ અને એનેસ્થેટીક ડો.રવી પરમાર દ્વારા તેમનું સફળ ઓપરેશન કરાયું હતું. અને જરૂરી સારવાર બાદ તેમને હોસ્પિટલમાંથી રજા કવામાં આવેલ હતી. તા.૨૫/૦૫/૨૦૨૪ ના રોજ તેઓ કોલોઅપમાં ડોક્ટર ને બતાવવા આવેલા હતા અને સંપૂર્ણ હતા. દર્દી તથા તેમના સગાએ શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે મળેલ સારવાર બદલ ડો.નિકુંજ ભેસાણીયા તથા સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો. તથા આ બાબતની ગજેરા ટ્રસ્ટના ચેરમેન શ્રી વસંતભાઈ ગજેરા એનોંધલઈ ડોક્ટર ટીમ, ઓ.ટી.સ્ટાફ અને મેનેજમેન્ટ ટીમને અભિનંદન આપી પ્રોત્સાહન પુરૂ પડ્યું હતું.

સમસ્ત કોળી સમાજના દ્વારા

બગસરા ત્રિવિધ સન્માન સમારોહ યોજાયો

વિદ્યાર્થી સન્માન તેમજ રાજકીય સન્માન સમારોહ તથા ઉચ્ચ હોદેદારો સન્માન કાર્યક્રમ યોજાયો

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરા સમસ્ત કોળી સમાજ દ્વારા ત્રિવિધ સન્માન સમહારો કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓ ને ધોરણ એક થી કોલેજ અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ બગસરા નગરપાલિકા ના કારોબારી ચેરમેન તરીકે નિમણૂક થયેલ શ્રીમતી મંજુલાબેન મેર તથા શિક્ષણ સમિતિ ના ચેરમેન શ્રીમતી ભાનુબેન મકવાણા તેમજ બગસરા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે શ્રી અનીલભાઈ શેખ ની વરણી થવા બદલ કોળી સમાજના આગેવાનો એ સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ આશા વર્કર બેહેનો નુ દ્વારા થતી સેવા ને પણ બિરદાવી સન્માન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ અમરેલી જિલ્લા ના કોળી સમાજ ના આગેવાનો એ હાજરી આપી હતી તેમજ અમરેલી જિલ્લા માંધાતા ગ્રુપ ના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ જાદવ અમરેલી અખીલ ભારતીય કોળી સમાજના ઉપપ્રમુખ શ્રી રમેશભાઈ મકવાણા ચલાલા કોળી સમાજના પ્રમુખ શ્રી મનસુખભાઈ સાપરીયા બાબુભાઈ ગઢીયા ધીરૂભાઈ કુકેવા દિનેશભાઈ રાઠોડ નાગજીભાઈ બારૈયા સહિત પધારેલ મહેમાનો નુ સન્માન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં બગસરા સમસ્ત કોળી સમાજના આગેવાનો જયસુખભાઈ મેર બગસરા માંધાતા ગ્રુપ ના પ્રમુખ શ્રી મુકેશભાઈ શેખ તેમજ બગસરા કોળી સમાજના પ્રમુખ શ્રી ભુપતભાઈ ઉનાવા, શિક્ષકશ્રી પરેશભાઈ ચાવડા, કોળી ના પુર્વ પ્રમુખ શ્રી ગોવિંદભાઈ પંચાસરા કોંગ્રેસ શહેર પ્રમુખ શ્રી અનિલભાઈ શેખ મંત્રી શ્રી રાહુલભાઈ સોલંકી ઓડીટર શ્રી પોપટભાઈ રેડાણીયા ખજાનચી શ્રી મનહરભાઈ લીખડીયા દિલુભાઈ મકવાણા ધીરૂભાઈ જાદવ સહિત ના આગેવાનો દ્વારા આ કાર્યક્રમ નું આયોજન કર્યું હતું.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની અધ્યક્ષતામાં સ્ટેટ પોલીસ નોડલ ફિસર તથા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક

ચોથી જુને સવારે આઠ વાગ્યાથી રાજ્યના ૨૬ કેન્દ્રો પર મતગણતરી શરૂ થશે : શ્રીમતી પી. ભારતી

સમગ્ર મતગણતરી પ્રકિયા માટે ૫૬ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૩૦ ચૂંટણી અધિકારી અને ૧૮૦ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે

અમરેલી,

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીની અધ્યક્ષતામાં વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સ્ટેટ પોલીસ નોડલ ફિસર તથા તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે રાજયના ૨૬ મતગણતરી કેન્દ્રો પર તા. ૪ જૂન, ૨૦૨૪ના રોજ યોજાનાર મતગણતરી માટેની અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ઈબીમ દ્વારા પણ ગઈકાલે મતગણતરી સંદર્ભે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

રાજયના તમામ મતગણતરી મથકોએ આવશ્યક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે એમ ક્વીને શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, તા. ૪ જૂન, ૨૦૨૪ના રોજ સવારે આઠ વાગે સમગ્ર રાજ્યમાં ૨૬ મતગણતરી પર શરૂ કરાશે. આણંદ લોકસભા મતવિસ્તારમાં ૦૨ મતગણતરી કેન્દ્રો જ્યારે અન્ય તમામ લોકસભા મતવિસ્તારના એક-એક મતગણતરી કેન્દ્રો પર એકસાથે મત ગણતરી શરૂ કરાશે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર કાઉન્ટિંગ પ્રોસેસ માટે ૫૬ કાઉન્ટિંગ ઓબ્ઝર્વર્સ, ૩૦ ચૂંટણી અધિકારી અને ૧૮૦ મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે. તા. ૨ જૂન સુધીમાં મતગણતરી માટેના તમામ ઓબ્ઝર્વર ફરજ સ્થળ પર હાજર થઈ જશે. શ્રીમતી પી. ભારતી એ જણાવ્યું હતું કે, મતગણતરી સ્ટાફનું પહેલું રેન્ડમાઈઝેશન એક અઠવાડિયા પહેલા, બીજું રેન્ડમાઈઝેશન મતગણતરીના ૨૪ કલાક અને ત્રીજું રેન્ડમાઈઝેશન મતગણતરીના દિવસે વહેલી સવારે ૫ વાગ્યે ઓબ્ઝર્વર્સની હાજરીમાં કરવામાં આવશે. મતગણતરીના દરેક ટેબલ પર એક માઈક્રો-ઓબ્ઝર્વર, એક કાઉન્ટીંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. આ ઉપરાંત કાઉન્ટીંગ હોલમાં બે માઈક્રો-ઓબ્ઝર્વર મૂકવામાં આવશે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે. મતગણતરી મથકો પર માત્ર ભારતના પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીઓ, નિરિક્ષકો, ફરજ પરના કર્મચારીઓ-અધિકારીઓ, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો તથા કાઉન્ટિંગ એજન્ટ્સ પ્રવેશ કરી શકશે. આ ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા જેમને અધિકાર પત્રો આપવામાં આવ્યા છે તેવા મીડિયાકર્મીઓ પણ પ્રવેશ કરી શકશે.

ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી, ઉમેદવાર કે તેમના અધિકૃત પ્રતિનિધિઓ તથા ભારતના ચૂંટણી દ્વારા નિમણૂંક પામેલા ઓબ્ઝર્વર્સની હાજરીમાં સ્ટ્રોંગરૂમ ખોલવામાં આવશે. ત્યારબાદ ઈક્સરાઉન્ડવાઈઝ ભ્હાર કાઢી કાઉન્ટીંગહોલમાં લાવવામાંઆવશે. સવારે આઠ વાગ્યે પોસ્ટલ બેલેટ તથા ઈફસ્ના મતોની ગણતરી શરુ કરાશે. તમામ કાઉન્ટિંગ સેન્ટર પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ અંગે વાત કરતાં મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ કે, મતગણતરી કેન્દ્રના કેમ્પસની બહાર સ્થાનિક પોલીસનો પહેરો હશે. મતગણતરી લોકેશન પર એસઆરપીએફ અને મતગણતરી કેન્દ્ર તેમજ સ્ટ્રોંગ રૂમના દરવાજાની બહાર સીએપીએફનો ચુસ્ત બંદોબસ્ત હશે. ફરજ પરના અધિકારીઓ અને મંજૂરી પ્રાપ્ત રાજકિય પ્રતિનિધિઓ સિવાય અન્ય વ્યક્તિઓને આ સંકુલમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. રાજ્યના તમામ કાઉન્ટીંગ સેન્ટર્સને કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટેલિફોન અને ફેક્સ જેવી અત્યાધુનિક સંચારસુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફોન, આઈ-પેડ કે લેપટોપ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મતગણતરી કેન્દ્રમાં લઈ જઈ શકાશે નહીં. ક્રમિશનના ઓબ્ઝર્વર પરઆપ્રતિબંધલાગુપડશે નહીં. ઈમ્જીની મતગણતરી પ્રક્રિયામાંઆવશ્યક્ર મેળવવા રિટર્નિંગ ફિસર, આસિસ્ટન્ટ રિટર્નિંગ ફિસર અથવા કાઉન્ટીંગ સુપરવાઈઝર્સ પૂર્વપરવાનગી સાથે સાયલન્ટ મોડ મતગણતરી કેન્દ્રમાં મોબાઈલ લઈ જઈ શકશે. દરેક મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. મિડિયા સેન્ટર તથા પબ્લિક કોમ્યુનિકેશન રૂમ સિવાય મતગણતરી કેન્દ્રના સંકુલમાં ક્યાંય પણ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકાશે નહીં.

મતગણતરીનાદિવસે https & // results.eci.gov.in/ પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે. રાજ્યકક્ષાએ મીડિયાકર્મીઓને પરિણામની વિગતો મળી રહે તેમાટે સચિવાલયના બ્લોક નં.૧ ના ચોથા માળે સમિતિ ખંડમાં મીડિયા સેન્ટર ઉભું કરવામાં આવશે.

પહેલા પાનાનું

નાગનાથ કોમ્પ્લેક્ષ

અવગણના કરી ફાયર સુવિધા ઉભી ન કરવાના કારણે તારીખ ૨૮/૫/૨૦૨૪ ના સંપૂર્ણ કોમ્પ્લેક્સને સીલીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે જેમાં સીલીંગ પ્રક્રિયા દરમિયાન ઉપસ્થિત કમીટી મેમ્બર ફાયર ઓફિસર શ્રી અમરેલી ,નાયબ એજ્જિનિયરિંગશ્રી પીજીવીસીએલ અમરેલી ,મામલતદાર શ્રી અમરેલી શહેર ,પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી અમરેલી, જુનિયર ટાઉન પ્લાનર અમરેલી નગરપાલિકા, સહિતના તમામ હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આ બિલ્ડીંગની અંદર ટયુશન કલાસીસ, બેંક, ગુજરાત રાજ્ય બીજ નિગમ લીમીટેડ, આઈએએએલ ફાઈનાન્સ, જનાણી કલાસીસ, જનાણી કોમ્પ્યુટર, એક્સીસ બેંકનું એટીએમ સહિત ૩૫ વ્યાપારી સંસ્થાનો આવેલા છે. સાંજે ફાયર તંત્રએ આ કોમ્પલેક્ષને સીલ કરતા આ કાર્યવાહી દરમિયાન લોકોના ટોળા ઉમટયા હતા અને ફાયર તંત્રએ ચારેય તરફથી આ કોમ્પલેક્ષને સીલ કરી દીધુ હતુ.

અમરેલી તાલુકામાં વિશ્વ તમાકુ નિષેધ દિન ઉજવાશે

અમરેલી,સમગ્ર વિશ્વમાં દરવર્ષે ૩૧ મીમે, 'વિશ્વ તમાકુ નિષેધ દિન' તરીકે ઉજવવામાં આવેછે. જે માટે ઉર્લ્લ દ્વારા દરવર્ષે થીમ નક્કી કરવામાં આવે છે. આ વર્ષે ઉજવવામાં આવનાર ઉશ્વ ૨૦૨૪ ની આ થીમ હાનિકારક ઉત્પાદનો સાથે યુવાનોના લક્ષ્યાંકને સમાપ્ત કરવાની કિમાયત કરવાપર કેન્દ્રિત છે. આ પ્રવચન યુવા લોકો, નીતિ નિર્માતાઓ અને તમાકુ નિયંત્રણ હિમાયતીઓ માટે વૈશ્વિક સ્તરે એ મુદ્દા પર ચર્ચા કરવા અને સરકારોને એવી નીતિઓ અપનાવવા વિનંતી કરવા માટે એક મંચ પૂરો પાડે છે જે યુવાનોને તમાકુ અને સંબંધિત ઉદ્યોગોની ચાલાકીથી છે. તમાકુ નિયંત્રણ સમુદાયના અસાધારણ પ્રયાસોને કારણે વર્ષોથી સિગારેટના ધૂમ્રપાન માં ઘટાડો થયો હોવા છતાં, આનબળા જૂથોની સુરક્ષા માટે વધુ કરવું જોઈએ

આ દીવસ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી સા.શ્રીનાં માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા આર.સી.એચ.ઓ., એપેરેમીક મેડીકલ ઓફિસરશ્રી, ક્વોલીટી એશ્યોરન્સ મેડીકલ ઓફિસરશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રી અમરેલી દ્વારા તાલુકા ના તમામ પ્રા.આ.કે તથા અર્બન હેલ્થ સેન્ટરો દવારા તમાકુ નીષેધ અંગે જાગૃતિ અંગે ૫૦-વ્યકતીઓ પાસે થી રૂપીયા-૨૪૦ દંડ પેટે વસુલ કરવામાં આવેલ ઈલેક્ટ્રોનિક સિગારેટ અને નિકોટિન પાઉચ જેવી પ્રોડક્ટ્સ યુવાનોમાં લોકપ્રિયતા મેળવી રહી છે. તેથી ઉશ્વ ૨૦૨૪ સરકારો અને તમાકુ નિયંત્રણ સમુદાયને વર્તમાન અને પેઢીઓનું રક્ષણ કરવા અને તેનાથી થતા નુકસાન માટે તમાકુ ઉદ્યોગને જવાબદાર ઠેરવવા હાકલ કરે છે. આ ઉમદા કામગીરી દંડવસુલાત તમામપ્રા.આ.કે.ના એમ.ઓ તથા મેઈલ સુપરવાઈઝરોદવારા કરવામાં આવેલ તેમ એકયાદી તાલુકાહેલ્થ સુપરવાઈઝર શ્રી જે.બી.જોષી જે.બી.જોષીની યાદી જણાવેછે.

અમરેલીનાં જય કોમ્પલેક્સ માહે આવેલ ઓફીસનો વેચાણ દસ્તાવેજ કરતા પહેલા જાહેર જનતાની જાણ માટે નોટીસ

આથી હું નીચે સહી કરનાર દિવ્યેશભાઇ જગદીશભાઇ તળાવિયા રહે. અમરેલી આથી લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે, મિલ્કતનું વર્ણન,
મોજે અમરેલી, તા.અમરેલી, જી.અમરેલીના સુધરાણ હદમાં ગાંધીબાગ પાસે આવેલ જય કોમ્પલેક્સમાં આવેલ રે.સ.નં. ૯/૪ પૈકી સી.સ.નં. ૨૮૫૬ પૈકી, ૨૮૫૭ પૈકી, ઓફીસ નંબર S-8, S-9 ચો.મી. ૨૨૫.૨૭
મિલ્કત માલીકનું નામ,
બ્રાઇટ સોલાર લીમીટેડ (જેની રજી.ઓફીસ : સી.-૧૧૦૩ ટીટાનીયમ સ્કવેર, થલતેજ કોસ રોડ પાસે, એસ.જી.હાઇવે, અમદાવાદ) તરફે યેસમેન અને મેનેજીંગ ડિરેક્ટર

ઉપરોકત વિગતે આવેલ ઓફીસ અમારા દ્વારા હાલનાં ઓફીસ માલીક પાસેથી કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા સોદો ચોકકસ કરેલ છે સદરહુ ઉપરોકત સર્વે નંબરવાળી ઓફીસ સબંધે કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારે, કાંઇપણ લાગ ભાગ, હકક, હિત, હિસ્સો સમાયેલો હોય અગર તો સદરહુ ઓફીસ સબંધે કોઇપણ વ્યકિત / બેંક કે સંસ્થા કે નાણાકીય સંસ્થાનું અગર તો સરકારી, સહકારી બેંક, મંડળી વિગેરેનું કોઇનું કાંઇપણ કરજ, લ્હેણુ, ગીરો કે અન્ય કોઇપણ પ્રકારે કાંઇપણ લ્હેણ-દેણ, માલીકી હકક દાવો વિગેરે જે કાંઇ હોય તેઓએ તેના તમામ લેખીત દસ્તાવેજ પુરાવા નોટરાઇઝડ કરી - કરાવરાવી આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં ૩૦૨૩ અથવા નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. પત્રથી અમોને મોકલી આપવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને જાણ કરીએ છીએ. સમય મર્યાદામાં કોઇપણ વ્યકિત / બેંક કે સંસ્થા કે નાણાકીય સંસ્થા તરફથી કાંઇપણ કાયદેસરના વાંધા તકરાર રજુ કરવામાં કસુર થશે ઉપરોકત સર્વે નંબરવાળી ઓફીસ ઉપર કોઇપણ વ્યકિત / બેંક કે સરકારી, સહકારી બેંક, મંડળીનું કાંઇપણ લ્હેણ-દેણ માલીકી હકક દાવો નહી હોવાનું માની મુદત વિત્યે અમારા દ્વારા ઉપરોકત સર્વે નંબરવાળી ઓફીસનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધણી કરાવણુ મુદત વિત્યે આવેલ વાંધા તકરાર કે હકક દાવો અમોને બંધનકર્તા રહેશે નહી તેની સર્વે જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.
સ્થળ : અમરેલી
તારીખ : ૨૮-૦૫-૨૦૨૪
પત્ર વ્યવહારનું સરનામુ : દિવ્યેશભાઇ જગદીશભાઇ તળાવિયા
''વિજન આર્કીટેક એન્ડ કન્સલટન્સી'' જુના માર્કેટીંગ યાર્ડ, શોપ નં.BF-6, પહેલો માળ, હોટલ લોર્ડસ ન્યુ એન્જલની સામે, અમરેલી - ૩૬૫૬૦૧

જમીન વેચવાની છે
બિઝનેશ થાય તેવી ખેતીની જમીન ચિતલ રેલ્વે સ્ટેશને વેચવાની છે
સંપર્ક મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

અમરેલીમાં મકાન વેચવાનું છે
અમરેલીના સુખનાથપરામાં તાત્કાલિક કસમાં પોણા વસાનું 2BHK ટોટલ માર્બલ ફલોરવાળુ Duplex મકાન ફિક્સ ફર્નિચર સાથે વેચવાનું છે
સંપર્ક ડો.મિહીર ગણાત્રા
મો.૬૩૫૯૯ ૩૦૨૦૨, ૭૦૧૬૮ ૫૬૧૬૮

અમરેલીમાં પ્લોટ વેચવાનો છે
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X 33 ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૬૯૯/- માં
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૦૩ ૪૪૦૯૧

"શ્રી કિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"
ઉધઈ થી બચો
ઉધઈ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઈ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

ચિતલ રોડ ઉપર શ્રી રંગ સોસાયટીમાં ૧૩ વસાનો બંગલો કોર્નરનો કસમાં વેચવાનો છે.
(જ્ઞાતિ બાધ નથી)
જીલ્લા પંચાયત સામે રોડ ટચ દુકાન ભાડે આપવાની છે.
જિલ્લા પંચાયત સામે ફર્સ્ટ ફલોર ઉપર દુકાન કસમાં વેચવાની છે.
સાંઈ સદ્‌ગુરૂ એસ્ટેટ બ્રોકર પ્રભુદાસ તલાટી ૯૪૨૮૭ ૦૯૯૯૩
હાઈટ હાઉસ, એસ.ટી.ડેપો સામે, અમરેલી. સમય: સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

મકાન વેચવાનું છે
1BHK ટાઇટલ કલીયર, લોનેબલ ફર્નિચર સાથે, ગેસ કનેકશન પાણીની ફુલ સુવિધા સાથે
સ્થળ : જલારામનગર-૨ બંસીધર સ્કુલ પાસે, અમરેલી
-:: સંપર્ક ::-
મો.૯૯૨૫૨ ૧૧૬૩૩

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
શ્રી ખોડિયાર સ્ટુડિયો
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

એક વર્ષમાં ૨૦ નવા દવાખાના અને ૧૫ બેન્કો તથા ૧૦ હોટેલો છતાં પણ

રાજુલામાં એક પણ સ્થળે ફાયર એનઓસી નથી ?

ફાયર ઓફિસરની કચેરી મારફત દાખલા કાઢી દેવામાં આવે છે અને તપાસણી ચેકિંગનું કામ જે તે આરોગ્યતંત્ર અને પાલિકા કરતું હોય પરંતુ દુર્ઘટના બન્યા બાદ તંત્ર જાગ્યું

ફાયનાન્સ સંસ્થાઓ, દવાખાનાઓ બીજે માળે હોવાથી અને શહેરના સોસાયટી વિસ્તારોમાં આવેલા હોવાથી આગ લાગે તો ભારે નુકશાન થાય તે વાતથી તંત્ર અજાણ

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા શહેરમાં એક વર્ષમાં ૨૦ નવા દવાખાના અને ૧૫ જેટલા ફાઈનસ બેંકો ૧૦ જેટલી હોટલો ખુલી પરંતુ હાયર એનઓસી ન હોવાની લોકોમાં સરસા જોર પકડ્યું એનઓસી કાઢીઆપવાની કામગીરીએમરેલીફાયર ઓફિસરની કચેરી મારફત દાખલા કાઢી દેવામાંઆવેછેઅનેતેની તપાસણી ચેકિંગ નગરપાલિકા અને જિલ્લાનું આરોગ્યતંત્ર હોય છે પરંતુ રાજકોટની દુર્ઘટના બાદ સફાળો તંત્ર કામે લાગ્યું છે પરંતુ માત્ર રાજકોટ જિલ્લામાં જ આ તંત્ર જાગ્યું હોય તપાસનો ધમધમાટ રાજકોટમાં શરૂ છે ત્યારે અન્ય અમરેલી જિલ્લામાં પણ મોટા તાલુકાઓમાંએ કામગીરી તાલુકામાંપણ હવે તપાસનો વિષય બન્યો છે રાજુલામાં પણ એવો ગણગણાર્થ થાય છે કે છ ૧૫ જેટલા દવાખાના ૧૫ ફાઈનસ બેંકો તેમજ ૧૦જેટલી નવી આધુનિક હોટલો ખુલી ગઈ છે પરંતુ આ હોટલોમાં ફાયર એનઓસી ફાયર કચેરી અમરેલી દ્વારા સત્તાવાળાએ દાખલા આપી છે કે નહીં તે પણતપાસનોવિષયહોવાનુંલોકોમાંચર્ચા નો વિષય બન્યો હાલ તો તમામ દવાખાનાઓમાં તમામ બેંકના ફાઈનાન્સોમાં અને તમામ દવાખાનામાં માં ભારે ભીડ જોવા મળે છે અને તમામ ફાઈનાન્સોદવાખાનાબીજામાળેહોવાથી તેમજ શહેરનીસોસાયટીઓમાંઆવેલા હોવાથી જો આગ લાગે તો ભારે નુકસાન થાય તો જિલ્લાનું આરોગ્ય તંત્ર અજાણ હશે કેવાય છે કે જિલ્લા આરોગ્યની અધિકારીની જગ્યા બે વર્ષથી લાંબા સમયથી ખાલી હોવાથી રાજુલા વિસ્તારમાં જિલ્લા આરોગ્ય ક્યારે જોવા મળતા ન હોવાનું પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કર્મચારીતેમજગ્રામ્યજનોસ્ટાફમાં ચર્ચાનો વિષય બન્યો છે અધિકારી દ્વારા અવારનવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ અર્બન કેન્દ્રો સેનેટરી ની જગ્યા છેલ્લા સાત વર્ષથી ખાલી છે કરાર આધારિતતેપણભરતાનથીબેવારઅહીં રાજુલા થી બ્લોક હેલ્થ મારફત મોકલે રૂબરૂ રજૂઆતો કરી પરિણામ શૂન્ય ત્યારે કહેવામાં આવ્યું કે આ ભરતી માંથી જગ્યા ભરી દેવું ભરતીને પણ એક વર્ષ થઈ ગયું પરંતુ હજી સુધી હર્બન કેન્દ્રમાં કે અન્ય કેન્દ્રમાં સેનેટરી ઈન્સ્પેક્ટરો મૂકવામાં આવ્યા નથી તેમજ હીરાભાઈ સોલંકી ની રજૂઆત બાદ નવા અર્બન કેન્દ્ર રાજુલામાં મંજૂર કર્યા ને તેમાં હજી સ્ટાફ પૂરવામાં આવ્યો નથી ત્યારે આરોગ્ય અધિકારી કોઈપણ જાતની કામગીરી ઉત્સાહ થી કામગીરી કરતા જોવા મળતા નથી તેના નગ્ન સત્ય દાખલા છે આ અધિકારીને અર્બન ની જગ્યા ભરવા માટે અવારનવાર જણાવ્યું હતું. પહેલા જાહેરાતનું બહાનું કાઢતા જાહેરાત થઈ ગઈ ભરતી પણ થઈ ગઈ અને અન્ય જગ્યાએ સ્ટાફ મુકાઈ પરંતુ રાજુલા સેનેટરી નું મૂકવાનું કાંઈ થયું નહીં ટ્રેનિંગ પામેલા સેનેટરી ઈન્સ્પેક્ટર અમરેલી ધક્કા ખાઈને થાક્યા પછી કીધું કોન્ટેકમાં લેશો પછી કે જગ્યા નથી વાસ્તવિક માં રાજુલામાં સેનેટરી ની જગ્યાઓછે ભરતીમાંઅનેકકર્મચારીઓ પણ પસંદગી પામ્યા પરંતુ અહીં મુકેલ નથી હવે ચૂંટણીના બહાના કાઢી રહ્યા છે નવા આરોગ્ય નિમણૂક થાય જેથી લોકોની કામગીરી વેગવંતી બને અને પ્રાથમિક કેન્દ્રોના કે અન્ય આરોગ્યને લગતા પ્રશ્ન પણ ઝડપથી ઉકેલ થાય અધિકારી દ્વારા લોકોને સખત ઉનાળામાં શું કરવું તેની સલાહો મળે તેમ જ કેટલી જગ્યાઓ છેફાયર એનઓસીના સર્ટી છે કે નહીં હોટલ? રેસ્ટોરન્ટ ?ફાઈનાન્સ ?બેંકો ?દવાખાના ?માં ફાયર સેફટી ના સાધનો એનઓસી છે કેને નહીં? તેની પણ તપાસ જરૂરી છે લાયસન્સ વિનાના ભૂતિયા ડોક્ટરોકેટલા?જેઅંગેનીતપાસ આ વિસ્તારમાં કરવામાં આવે તો અનેક કોમ્ભાડીતત્વોનીમેલીમુરાદબહારઆવે તો નવાઈ નહીં ઈન્સાન જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા ભરવામાં આવશે ખરી? કે બે વર્ષથી insaag આરોગ્ય અધિકારીની ગાડી શરૂ તેમ ચાલુ રહેશે આરોગ્ય મંત્રી આ અંગે ઘટતું કરશે ખરા ?

ભટવદરનાં યુવાનનું પોલીસનાં મારથી મોત થયાનાં આક્ષેપ સાથે

ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી ગાંધીનગર દોડી ગયાં જુનાગઢમાં ચોથા દિવસે પણ મૃતદેહ સ્વિકારવા ઇન્કાર

ધારાસભ્યશ્રી સોલંકી સાથે મંત્રીશ્રી પરશોત્તમભાઇ સોલંકી, કુંવરજીભાઇ બાવળીયા સહિતનાં આગેવાનોએ રજુઆતો કરી

મૃતક નરેશ જીવા કોળી

રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા ના ધારાસભ્ય અને કોળી સમાજ ના સાવજ એવાસમાજનાનેતાઓએકબનીભટવદર મેદાનેઆવીશકેછેધારાસભ્યહિરાભાઈ સોલંકી આજે ગાંધીનગર ખાતે આ મામલે પોહચી ગયા છે આવનાર સમય માં રાજુલા ના ભટવદર ગામખાતે કોળી સમાજ ભેગો થવાનીશક્યતા અને ધારાસભ્યહિરાભાઈ સોલંકી કાંઈ મોટું અનેઅલગ અંદાજમાં કરે એવું ચર્ચાઈ રહ્યું છે આ અંગે ધારાસભ્ય શ્રીહીરાભાઈ સોલંકીએક બેઠક યોજીહતી જેમાં તેમણે જણાવ્યું હતું કે આ પ્રશ્ને કુવરજીભાઈ સાથે મન્ત્ય ઉદ્યોગ મંત્રી શ્રી પરસોત્તમભાઈ સોલંકી સાથે ચર્ચા થઈ છે. આજે ચોથો દિવસ પૂર્ણ થયો છતાં પણ મૃતદેહ જુનાગઢ દવાખાનામાં પડયો છે. મરનારના ભાઈ એ પણ જણાવ્યું કે હું રવિ નરેશનો નાનો ભાઈ થાવછું બનાવનીવિગત એવી છે કે ચાર મહિના પહેલા સુત્રાપાડા પોલીસમાં એક આરોપી ભાગી ગયો હતો જેની મારા ભાઈ નરેશેઆર.ટી.આઈ. કરી હતીજેથી મારા ભાઈ ને અવારનવાર હેરાન કરતા હતા અને છેલ્લે સુત્રાપાડા નાગેશ્રી પોલીસ પ્રાચી સહિતની પોલીસ લઈ ગઈ મારા મારવાથી નરેશ નું મોત થયાનું તેના ભાઈ રવિજીવાભાઈ કોળીએ જણાવ્યું હતું. આગામી દિવસોમાં કોળી સમાજ શું કરી આપવાનો તે તેમના નેતાઓ હીરાભાઈ સોલંકી, પરસોત્તમભાઈ સોલંકી કે કુવરજીભાઈ બાવળીયા જે નક્કી કરે તે થશે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં

લાઠીની મામલતદાર કચેરીમાં જનસેવાનો પંખો અને એસી બંધ

પંખા, એસી અભાવે અરજદારો પરેશાન

લાઠી, (વિશાલ ડોડીયા) લાઠીજનસેવાકેન્દ્રમાં અરજદાર ના ઉભા રહેવાની જગ્યા ઉપર નો પંખો બંધ હાલતમાં એસી શોભાના ગાંઠીયા સમાન ગરમી થી અરજદારો અકળાયા યોગ્ય કરવામાંગ કરવામાંઆવી અમરેલીજિલ્લા મા ૪૦થી ૪૧ ડીગ્રી જેટલું તાપમાન જોવા મળે છે ત્યારે લોકો ગરમી થી ઉકળાઈ ઉઠીયા છે ત્યારે અમરેલી જિલ્લા ના લાઠી શહેરમાં આવેલ જન સેવા કેન્દ્ર મા પંખો અને એસી બંધ હાલતમાં જોવા મળતા અરજદારો પરેશાન થયા છેઅમરેલી જિલ્લા ના લાઠી મા જન સેવા કેન્દ્ર મા પંખોઅનેએસી બંધહાલતમાંજોવા મળે છે જન સેવા કેન્દ્ર મા રોજના લોકો કામ કાજ માટે મોટી સંખ્યામાં આવતા હોય છે ત્યારે લોકો ને એક કલાકથી બેકલાક કામ માટે ઉભુ રહેવું પડે છે ત્યારે લાઠી ના જન સેવા કેન્દ્ર મા પંખા ઓતો છે પણ અમુક જ ચાલુ હાલતમાં જોવા મળે છે બીજી તરફ એસી જાણે કે શોભાના ગાંઠીયા સમાન બની રહ્યા છે એસી અને પંખો બધ હાલતમાં હોવાથી જન સેવા કેન્દ્ર મા કામે આવેલા અરજદારોઆ ૪૦થી ૪૧ ડીગ્રીજેવા તાપમાન મા ગરમી મા શેકાવાની વારો આવ્યો ત્યારે તંત્રદ્વારા યોગ્ય કરવામા આવેતેવી માંગ કરવામાંઆવી હતી.

ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીની રજુઆતથી

ધાતરવડી ડેમ-૨નું પાણી છોડાયું

પાણી છોડાતા સાત ગામનાં લોકોને પીવાના પાણીની મુશ્કેલી દુર થશે

રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા શહેર નજીક આવેલો ધાતરડી નંબર બે ડેમ ફૂલ ભરેલો હતો છતાં પણ રાજુલા શહેરમાં આ ડેમ ભરેલો હોવા છતાં કોઈપણ જાતનો ફાયદો રાજુલા શહેરને થયો નથી અને રાજુલા ગામમાં એક પણ બોરમાં પીવા માટેનું પણ બોરમાંથી આવતું નથી હતું આ ડેમથી ખાખભાઈ આગરીયા ગામને જ ફાયદો હતો પરંતુ આગરીયામાં તો હવે મહી પાઈપલાઈન તળાવ પણ ભરાવવા માંડ્યું એટલે એ ગામને પણ આ ડેમની જરૂર નથી. આમ છતાં ડેમ ભરેલો હતો અને નિશાન હેડવા ગામો હિંડોરડા વડ લોટપુર ધારા નેસ ઉસીયા રામપરા વૃંદાવન બાગ તથા સાસુડા મહાદેવ વગેરે વિસ્તારમાં પાણીની ભયંકર તંગી ઊભી થઈ હતી આ ગામોમાંથી ધાતરવડી નદી પણ પસાર થતી હતી પરંતુ ધાતરડી ડેમ નંબર ૨ બંધાઈ જતા એક પણ ગામમાં પાણીના તળ ઉપર આવ્યા નથી અને પીવાના પાણી અને શિશાઈના પાણી પાણીપુરીને ભારે રોષ ઉઠ્યો હતો અંગે ગ્રામ્ય ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી તથા ખેડૂત આગેવાન જીગ્નેશભાઈ પટેલ ને રજૂઆતો કરી હતી. ત્યારબાદ આજે સવારે સિસાઈ અધિકારી દ્વારા ડેમ ના દરવાજા ખોલતા સાંજ સુધીમાં પાણી દરિયા સાસુડા મહાદેવ સુધી પહોંચી જતા આ ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોમાં અને ગામજનોમાં હર્ષની લાગણી ઉદભવી હતી કારણ કે આ ડેમનું પાણી દાતરડી બેનું પથ્થરને ડુંગરા હોવાથી તળમાં આવતું જ નથી જેને કારણે એક પણ બોરમાં પાણી રાજુલામાં નથી જેને કારણે આ પાણી છોડવાથી સાત ગ્રામ્ય વિસ્તાર હિંડોરડા વડખાસાદર ધારાના નેસિયા રામપરા વૃંદાવન બાગ સાસુડા મહાદેવ ના પાણીના તળ ઊંચા આવશે અને સિસાઈમાં પણ ફાયદો થશે અને વડગામમાં તો આંબાના ઝાડને પણ ફાયદો લોકોએ હીરાભાઈ સોલંકી નો આભાર વ્યક્ત કર્યો હતો

છેહા પાનાનું અગ્નિકાંડમાં

રબારીકા લાવવામાં આવનાર હોવાનું રબારીકાના સરપંચ શ્રી હર્ષરાજ વિંછીયાએ જણાવ્યું હતુ. મૃતકોમાં સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા, રહે. રાજકોટ, સ્મિત મનીષભાઈ વાળા, રહે. રાજકોટ, સુનિલભાઈ હસમુખભાઈ સિદ્ધપુરા, રહે. રાજકોટ, જીગ્નેશ કાળુભાઈ ગઢવી, રહે. રાજકોટ, ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ, રહે. ભાવનગર, વિશ્વરાજસિંહ જયુભા રહે. રાજકોટ, આશાબેન ચંદુભાઈ કાથડ, રહે. રાજકોટ, સુરપાલસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા, રહે. જામનગર, નમ્રજીતસિંહ જયપાલસિંહ જાડેજા, રહે. જામનગર, જયંત અનીલભાઈ ધોરેચા, રહે. રાજકોટ, હિમાંશુભાઈ દયાળજીભાઈ પરમાર, રહે. રાજકોટ, ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા, રહે. રાજકોટ, વિરેન્દ્રસિંહ નિર્મળ સિંહ જાડેજા, રહે. રાજકોટ, દેવશ્રીબા હિતેન્દ્રસિંહ જાડેજા, રાજભા પ્રદીપસિંહ ચૌહાણ , રહે. રાજકોટ, શત્રુઘ્નસિંહ શકિતસિંહ ચુડાસમા, રહે. ગોંડલ, નીરવભાઈ રસિકભાઈ વેકરીયા, રહે. રાજકોટ, વિવેક અશોકભાઈ દુસારા, રહે. વેરાવળ, ખુશાલી અશોકભાઈ મોડાસિયા, રહે. વેરાવળ હોવાનું જાણવા મળેલ છે.

ભટવદરનાં બનાવ અંગે ચર્ચા વિચારણા કરતા શ્રી હિરાભાઇ સોલંકી, શ્રી કુંવરજીભાઇ બાવળીયા



જાફરાબાદ તાલુકાના ભટવદર ગામે નરેશ જીવાભાઈ કોળી ના ન્યાય તપાસ અને આગામી કાર્યક્રમોઅંગેશું કરવું તે અંગે ચર્ચા વિચારણા કરતા હીરાભાઈ સોલંકી અને કુવરજી બાવળીયા તસવીરમાં નજરે પડે છે.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી
અપીલ રજી. નં. ૨૭-૨૦૨૪

અરજદાર : શ્રી ગભરસિંગ મગનભાઈ પરમાર રહે.જેશીંગપરા, ઘારી રોડ,અમરેલી
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી નગરપાલિકા અમરેલી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી ગભરસિંગ મગનભાઈ પરમારે તેઓના કાકા છગનભાઈ મોતીસીંગ પરમારનું મરણ તા.૦૧-૧૨-૧૯૮૬ ના રોજ થયેલ હોવા ની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૨-૦૫-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટની સિક્કો — **સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલી**

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી
અપીલ રજી. નં. ૨૮-૨૦૨૪

અરજદાર : શ્રી ગભરસિંગ મગનભાઈ પરમાર રહે.જેશીંગપરા, ઘારી રોડ,અમરેલી
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી નગરપાલિકા અમરેલી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી તાલુકાના અમરેલી ગામના રહીશ શ્રી ગભરસિંગ મગનભાઈ પરમારે તેઓના કાકી ગોમતીબેન છગનભાઈ પરમારનું મરણ તા.૦૧-૦૮-૧૯૯૦ ના રોજ થયેલ હોવા ની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૨-૦૫-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટની સિક્કો — **સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલી**

નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૮૦/૨૦૨૪.....તા.૦૪-૦૫-૨૦૨૪

વિવાદી :- શ્રી ક્રાણુભાઈ વલ્લભભાઈ ભાદાણી રહે. ગમાપીપળીયા, તા.બાબરા હાલ : રહે. અચિનીકુમાર રોડ, સુરત

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ગમાપીપળીયા ગ્રામ પંચાયત, તા.બાબરા

જાહેર નોટીસ

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે સુરત જીલ્લાના સુરત તાલુકાના મોજે સુરત ગામના રહીશ આ કામના અરજદારશ્રી ક્રાણુભાઈ વલ્લભભાઈ ભાદાણીનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૩ ના રોજ મોજે ગમાપીપળીયા, તા.બાબરા મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧-૦૨-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૫-૦૬-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

કોર્ટની સિક્કો — **સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલીની કોર્ટમાં અમરેલી
અપીલ રજી. નં. ૫૮-૨૦૨૪

અરજદાર : શ્રી ઘનશ્યામભાઈ ગોગનભાઈ સુવાગિયા રહે.વરેરા, તા.જી.અમરેલી
સામાવાળા : તલાટી ક્રમ મંત્રી વરેરા ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી તાલુકાના વરેરા ગામના રહીશ શ્રી ઘનશ્યામભાઈ ગોગનભાઈ સુવાગીયાએ તેઓના ભાણેજ લલિતભાઈ ગોવિંદભાઈ ક્રિકાણીનો જન્મ તા.૨૪-૧૧-૧૯૭૭ ના રોજ થયેલ હોવા ની જન્મ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૦૨-૦૪-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટની સિક્કો — **સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અમરેલી**

... ૫૩ વર્ષથી કાર્યરત ...

લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC

સોનપાલ ઓટો એડવાઈઝર્સ

RTO એડવાઈઝર્સ

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર +પાસીંગ
ગાંધી બાગ પાસે,
જય કોમ્પલેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૮૨-૨૨૩૧૧૦

નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પલેક્ષ,
માણેક સ્થંભની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી
મો. ૬૫૧૧ ૩૬૫૫૫

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ધમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - કુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા

મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પ્લેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન

જય રામદેવ ટ્રાવેલ્સ

તદ્દન ન્યુ બ્રાન્ડ
A/C, NON A/C
બસ

નેસડીથી સુરત
તાતણીયાથી સુરત

ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL

ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત

ટાઇમ રાત્રે ૭,૮,૯

ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી

અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૬૦૬૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૬૦૦

ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૬૭૨૭૪ ૬૭૭૨૫,

Online Booking : www.jayramdevtravels.com

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૯-૦૫-૨૦૨૪ બુધવાર

રાજકોટમાં વહેતી થયેલી અશ્રુધારાઓએ આખા દેશને ભીતરથી હચમચાવી મૂક્યો છે

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં માનવ સર્જિત કરૂણાન્તિકાઓનો એક લાંબો સિલસિલો ચાલ્યો છે. એમાં રાજકોટના ટીઆરપી ગેઈમ ઝોનની ઘટનાએ પ્રજાજીવનમાં હાહાકાર મચાવી દીધો આપણે ત્યાં નોનસેન્સ નગરસેવકોની એક હરોળ છે અને સરકારી હોવા છતાં સત્તાધારી પક્ષની સેવામાં રત રહેતા અધિકારીઓની એક નિરર્થક ફોજ છે. આને કારણે મહાનગરોનીહાલત મોંઘેરા મોતના ડિસ્કાઉન્ટ કાઉન્ટર જેવી બની ગઈ છે. બાળકની જિંદગીને ઠેબે ચડાવતી અવ્યવસ્થાઓ સામે આંખ આડા કાન કરવાની સરકારી નીતિ રાજકોટની અગ્ન જવાળામાં છતી ગઈ છે. સંપૂર્ણપણે કામચલાઉ સ્ટ્રક્ચરમાં ફાઈવ સ્ટાર ચાર્જ લઈને બાળકોને મનોરંજન આપવાના આવા ઝોન આઝાદી પછીના ભારતમાં ઠેર ઠેર જોવા મળે છે. રાજકોટમાં આમ થવાનું નક્કી જ હતું કારણ કે માલિકો સ્વયં મૂકબધિર રહીને સંચાલન કરતા હતા.

થોડાદિવસોપહેલાજ આટીઆરપી ઝોનમાં એક દીકરી નાની રમકડાની રેસિંગ ફસાઈ ગઈ હતી જેમાં એના લાંબા સુંદર વાળ ખેંચાતા તે લોહીલુહાણ થઈ ગઈ હતી અને માથા પર એક લટ પણ બચી ન હતી. સૌથી ગંભીર વાત એ છે કે ગુજરાત સરકારે હજુ સુધી ગેઈમ ઝોન અંગેના કોઈ નિયમ જ બનાવ્યા નથી અને એની મંજુરીની પ્રક્રિયા તથા એના ઓડિટ માટેની આગવી વ્યવસ્થા કરી નથી. ઘણી વખત મ્યુનિસિપલ અધિકારીઓ પોતાના ભ્રષ્ટાચારની ગેઈમ રમવા માટે આવા ઝોનની મુલાકાતે આવે તો માત્ર ફાયર સેફ્ટી માટેના એનઓસીની પૂછપરછ કરીને પોતાના પૂરતી રમત રમીને જતા રહે છે. જન્માષ્ટમીના મેળાઓ, વિવિધ પ્રકારના ફન વર્લ્ડ અને આવા ગેઈમ ઝોન અંગે સરકાર હજુ સુધી પદ્ધતિસરની આચાર સંહિતા બાકી રાખી છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ગઈકાલે સ્વયં સુઓમોટો અરજી દાખલ કરીને સરકારને ઊંઘમાંથી જગાડીદીધે એકદમ અલગ વાતછે. આવી કોઈ પણ ઘટના બનેએટલે બેત્રણપ્રધાનોઅને મુખ્યમંત્રી દોડીને પહોંચી જાય છે અને આશ્વાસનની ગંગા વહેતી કરે છે. એમની આ પ્રવૃત્તિ આમ તો ઘોડો છૂટી પછી તબેલાને તાળા મારવાની પ્રાચીન પદ્ધતિ જ છે. હજુ ગુજરાતમાં આવી અનેક ઘટનાઓ બની શકે છે. સુરતમાં એક. ઊંચી ઈમારતના ધાબા પર ડોમ બાંધીને ચિત્રકલાના વર્ગ ચાલતા હતા અને ત્યાં આગ લાગતા જે ગંભીર જાનહાનિ થઈ એના પછી શિક્ષણ અધિકારીઓએ ઘણી બધી શાળાઓના ડોમ ઉપર નોટિસ ફટકારી પરંતુ આજે તમામ શાળાઓના ધાબા ઉપર પ્લાસ્ટિક મટીરીયલના ડોમ જડબેસલાક ઊભા છે અને એ ગમે ત્યારે ભડકે બળવાની પૂર્ણ સંભાવના ધરાવે છે.

હવે જે ઉષ્ણતામાનની ઊંચાઈ છે એમાં તો આવા મટીરીયલ એની મેળે પણ સળગી ઊઠે એમ છે. પરંતુ સરકારનું એતરફ ધ્યાન નથી. એ જરીતે ગુજરાતમાં હજુ અનેક બાળકો ઊંઘી વળતા ડૂબવાના નક્કી છે. આમ કહેવું ઘણું કડવું લાગે છે પરંતુ એ હકીકત છે. કારણ કે ગુજરાતના જે જે તળાવમાં અત્યારે નૌકા વિહાર ચાલે છે એના લાઈસન્સ માટેની પદ્ધતિ દાદા આદમના જમાનાની છે. અને તો પણ એક લાઈસન્સ પર ચાર ચાર હોડી ચાલે છે. વળી એ તમામમાં સુરક્ષાના સાધનો હોતા નથી. વાલીઓને ઠપકો આપવા માટેનો આ યોગ્ય સમય નથી તો પણ વાલીઓએ એટલું તો જોવું જોઈએ કે તેઓ પોતાના બાળકને લઈને જ્યાં પગ મૂકે છે ત્યાં જિંદગીની સલામતી કેટલી છે. કાંકરિયા, વડોદરા કે મોરબીની ઘટનાઓ પણ લોકનજરે હજુ તરે છે જેમાં નિર્દોષ લોકોના મોતના શિલાલેખ લખાયેલા છે.

મોટા ભભકા જોઈને વાલીઓએ મ માની જ લેતા હોય છે કે આ બધું પદ્ધતિસર અને નિયમ પ્રમાણે વિવિધ મંજુરીઓ લઈને જ બનાવવામાં આવ્યું હોય. ગુજરાતમાં દરેક કોર્પોરેટર પોતાને પોતાના વિસ્તારનો રાજા માને છે. ધારાસભ્ય વળી એનાથી ઉપરનો રાજા છે. સાંસદ તો આખા જિલ્લાનો કિંગ છે. આ લોકો ગમે ત્યારે તેવા રખડું અને લુખ્ખા લોકોને પણ કહી દેતા હોય છે કે તમે તમારા ધંધો ચાલુ કરો અમે બેઠા છીએ. અને ખરેખર એ લોકો બેઠા જ રહે છે. બહુ ઝીણવટ પૂર્વક અભ્યાસ કરવામાં આવે તો ખ્યાલ આવશે કે ગુજરાતમાં બાળકોને મોટેરાઓ માટે જે જે મનોરંજક સાઈટો ખોલવામાં આવી છે મુખ્યત્વે અસામાજિક તત્ત્વોનો હાથ હોય છે. વિવિધ પ્રકારની ગેરકાયદે પ્રવૃત્તિ કરીને એકત્રિત કરેલું ધન જ તેમાં પ્રયોજાયેલું હોય છે. ટીઆરપી કેસમાં પોલીસે દસ લોકોની ધરપકડ કરી છે, તેમની જન્મકુંડળી પણ તપાસવા જેવી છે.

અમરેલી જિલ્લાની તમામ કોર્ટોમાં આગામી ૨૨મી જૂને નેશનલ લોક અદાલતો યોજાશે

ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી અમરેલી દ્વારા આયોજન

અમરેલી,

તારીખ ૨૨ મી જૂન ૨૦૨૪, શનિવાર ના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના ચેરમેન અને પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજશ્રીએમ.જે. પરાશરના અધ્યક્ષ સ્થાને જિલ્લા અદાલત અમરેલી તેમજ જિલ્લાના દરેક તાલુકાની કોર્ટોમાં રાષ્ટ્રીય લોક અદાલત નું આયોજન કરવામાં આવેલ છે. આ લોક અદાલત નો લાભ મહત્તમ પક્ષકારો લઈ શકે તે માટે ગુજરાત રાજ્ય ના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના મુખ્ય સંરક્ષક માનનીય જસ્ટિસ શ્રીમતી સુનિતા અગ્રવાલ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ શ્રીભિરેન વૈષ્ણવ દ્વારા તમામ કાનૂની સેવા સત્તા મંડળ તથા કાનૂની સેવા સમિતિ ને જરૂરી માર્ગદર્શન આપેલછે. આ લોક અદાલત માં રાજ્ય ના કોર્ટપણ જિલ્લા, તાલુકા, ટ્રિબ્યુનલ કે હાઈકોર્ટ માં પડતર કેસ કે જેમાં મોટર અકસ્માતના વળતરના કેસ, દીવાની દાવા, ચેક પરતને લાગતા કેસો, જમીન સંપાદન ને લગતા કેસ, કામદાર તથા માલિક નેલગતી તકરાર, માત્ર દંડથી શિક્ષાપાત્ર કેસો તથા તમામ પ્રકારના સમાધાનલાયક કેસો સમાધાન માટે મૂકી શકાય છે.

આ અવસરનો લાભ લેવા નજીકની તાલુકા કે જિલ્લા કે હાઈકોર્ટ માં કાનૂની સેવા સત્તા મંડળની ઓફિસ નો સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરવો અથવા રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ ની વેબસાઈટ નો સંપર્ક કરવાં આથી અમરેલી જિલ્લાની તમામ જાહેર જનતા તથા તમામ પક્ષકારોને જણાવવામાં આવેછે.

ભયાદરમાં શહિદવીર રવિરાજ ધાખડાને શ્રધ્ધાંજલી અર્પણ

શહિદવીરના પરિવારોને આગેવાનોએ સાંત્વના પાઠવી

રાજુલા,

રાજુલા તાલુકાના ભચાદર ગામે શહીદ રવિરાજ ભાઈ ધાખડા શ્રદ્ધાંજલિ અર્પણ કરવા જિલ્લા પ્રમુખ શહેરના આગેવાનો દુખવા ભાગીદાર થયા રાજુલા તાલુકાના અને ભ સા દર ગામના શહીદ પામેલા યુવાન ને શ્રદ્ધાંજલિ આપવા માટે અમરેલી જિલ્લા પ્રમુખ ભરતભાઈ સુતરીયા જિલ્લા ભાજપ આગેવાન શ્રી રવુભાઈ ખુમાણ તથા હરસુરભાઈ લાખણોત્રા તથા સાગરભાઈ તથા સાગરભાઈ ડાભિયા તથા પીઠાભાઈ નકુમ સહિતના કાર્યકરોએ શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને દેશ ખાતર શહીદી વોર્નર એવા પરિવાર ને આશ્વાસન સાત વન પાઠવ્યું હતું.

ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

આજનું પંચાગ

તા. ૨૯.૫.૨૦૨૪ બુધવાર , સંવત ૨૦૮૦ વૈશાખ વદ છઠ, શ્રવણ નક્ષત્ર , ઐંદ્ર યોગ, વિષ્ટિ કરણ આજે રાત્રે ૮.૦૫ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ ,સ,શ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : વિચારોનું આદાન પ્રદાન કરી શકો, મનોમંથન કરી શકો, કાર્ય માટે નવી યોજના બનાવી શકો.

વૃષભ (બ,વ,ઉ) : તમારા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો .

મિથુન (ક,છ,ઘ) : ધીમે ધીમે પરિસ્થતિ તરફેણ માં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.

કર્ક (ડ,હ) : સંયુક્ત સાહસો માં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, શુભ દિન.

સિંહ (મ,ટ) : તમને વારંવાર દુઃખ હશે, અમુક સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.

કન્યા (પ,ઠ,ણ) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો ને આગળ સારું રહે, વિદેશ બાબત વિચારી શકો, મધ્યમ દિવસ .

તુલા (ર,ત) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો , લાભ દાયકદિવસ .

વૃશ્ચિક (ન,ય) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ થી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય .

ધન (ધ,ભ,ફ,ઢ) : સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો, તમારા વિચારોની સરાહના થાય, દિવસ શુભ રહે.

મકર (ખ ,જ) : તમારી જાતને સમજવાની તક મળે, એકાંત થી લાભ થાય, મનોમંથન કરવું જરૂરી બને .

કુંભ (ગ,સ,શ) : વાણી વર્તન માં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.

મીન (દ,ચ,ઝ,થ): મિત્રો સાથે હળવા ફરવાની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઈ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

જીલ્લામાં કાળચક્ર ફરી વળ્યું હોય તેવી સ્થિતિમાં

બગસરા અને ફુંકાવાવમાં પ્રૌઢના મોત

બગસરાના નટવરનગરમાં અને મોટી ફુંકાવાવમાં પણ પ્રૌઢનું ઝેરી દવા પી જતા મોત નિપજ્યાં

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જિલ્લામાં કાળ ચક્કરી વળતા વધુ બે કમોતના બનાવો પોલીસ મથકમાં જાહેર થયાં હતાં. જેમાં બગસરાના નટવરનગરમાંપ્રૌઢનું તેમજ મોટી ફુંકાવાવમાંપ્રૌઢનું ઝેરી દવા પી જતાં મોત નિપજયું હતું.

બગસરા નટવરનગરમાં રહેતા કિરોજ હુસેનભાઈ ચૌહાણ ઉ.વ.૫૦ના લગ્ન સાતેક વર્ષ પહેલા થયેલ હોય અને થોડા સમય બાદ છુટા છેટા થઈ ગયેલહોયઅનેપોતેએકલવાયું જીવન જીવતા હોય જેથી પોતાને લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતાં સારવાર દરમ્યાન મોત નિપજયાનું રફીકભાઈ હુસેનભાઈ ચૌહાણેબગસરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં મોટી ફુંકાવાવમાં રહેતાં રમેશભાઈ પોપટભાઈ ડોબરીયા ઉ.વ.૫૩ના પત્ની ૧૦ વર્ષપહેલા ગુજરી ગયેલ હોય અને બાળકો હોય નહીં. જેથી રમેશભાઈ એકવાયુ જીવનથી કંટાળી જઈ ઝેરી દવા પી જતાં મોત નિપજયાનું કલ્યાણભાઈ પોપપટભાઈ ડોબરીયાએ વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

અમરેલી જીલ્લામાં બે વાહન ચાલકો સહિત સાત શખ્સો ઢીંગલી થયેલ હાલતમાં ઝડપાયા

પોલિસે સાત શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી લઈ નશો ઉતારી નાખી જેલની હવા ખવડાવી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જીલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવવા તથા આસામાજીક પ્રવૃતિઉપર રોપલગાવવા જીલ્લાપોલિસ વડા હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ ધારીમાંબેવાહનચાલકો તથાઅમરેલીવડિયા, લીલીયા, અમરેલી રૂરુલ સહિત જુદા જુદા ૭ સ્થળોએથી નશો કરેલ હાલતમાં પોલિસે ૭ શખ્સોને ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી નશો ઉતાર્યો હતો.

જુનાગઢ મનપા સંચાલિત સ્વીમીંગ પુલમાં ગેર કાયદેસર રીતે પ્રવેશ કરતાં છ શખ્સો ઝડપાયા

મનપા દ્વારા પોલીસ ફરિયાદ દાખલ થતાં અટકાયત

જુનાગઢ,(હિતેષ પારેખ)

જુનાગઢ મનપા સંચાલિત સ્વિમિંગ પુલમાં આવારા તત્વોની બિન કાયદેસર પ્રવેશ અટકાવતા તેમના ગેર વ્યાજબી વર્તન તથા દાદાગીરી કરતાં હોય જેથી સ્વીમીંગ પુલના સભ્યશ્રીઓની તથા કર્મચારીશ્રીઓની સલામતી ન જોખમાઈ તેમાટે મનપા દ્વારા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવતાં આ અંગે નિમયાનુસાર કાર્યવાહી હાથ ધરી સ્વિમિંગ પુલમાંબિન કાયદેસરરીતે પ્રવેશ કરતાં છ શખ્સોની પોલીસે ધરપકડ કરી હતી અને આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે હેતુ થી સતત મોનીટરીંગ કરવામાં આવશે.

વિધર્મી શખ્સોએ યુવતિનું બાઈકમાં અપહરણ કરી

તરવડામાં કાકા અને બે મહિલાઓને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ધમકી આપી

યુવતિનું અપહરણ કરતા રોકવા જતા ધક્કો મારી પછાડી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી તાલુકાના તરવડા ગામે ફરિયાદીના રહેણાંક મકાન તથા અમરેલી ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ખાતે ઈમામુદીન મહમદરફીકઅલી નાગાણી , મહમદરફીકઅલી નાગાણી રહે અમરેલી તથા એક અજાણ્યા મુસ્લિમ શખ્સે તા. ૧૫-૫ ના જગદીશભાઈ મનુભાઈ ખેદરા અનુજાતિ ઉ.વ. ૩૭ ની ભત્રીજીનું અપહરણ કરવાના સમાન ઈરાદે ઘરે જઈ બાવડુ પકડી તેમને પરાણે બાઈકમાં બેસાડી અપહરણ કરવા જતા મંજુલાબેન અને આશાબેન તેમને રોકવાનો પ્રયાસ કરતા તેમને ધક્કો મારી પછાડી દઈ મુંઢ ઈજા પહોંચાડી તેમને નહીં રોકવા ધમકાવી ગાળો બોલી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી જગદીશભાઈની ભત્રીજીનું અપહરણ કરી લઈ ગયેલ. અને મ હ મ દ ર ફી ક અ લી એ જગદીશભાઈની જીલ્લા ઔદ્યોગિક કેન્દ્ર અમરેલીની કચેરીએ આવી હું છોકરાનો બાપ છું. તારી ભત્રીજીને મારો છોકરો લઈ ગયો છે. તેવું કહી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરતા જગદીશભાઈએ પોલિસમાં ફરિયાદ કરવાનું કહેતા તમારે જેને કહેવુ હોય તેને કહો કોઈનું મારા આગળ કાઈ ના આવે બધા મારી આગળ ઘુલીયા કહેવાય.તેવું જણાવી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી પોલિસમાં ફરિયાદ કરશો તો જાનથી મારી નાખવા ધમકી આપી અમરેલીમાં નોકરી કરવી હોય તો છાનોમાનો કરજે.નહીતર નોકરી પણ જશે. તેવી જગદીશભાઈને ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ગોંડલના કેશવાળા ગામે પરીણીતાને ત્રાસ અપાયો

સાસરીયાઓએ ત્રાસ આપી મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર) ગોંડલ તાલુકાના કેશવાળા ગામે હાલ પિયર અમરેલીના કેરીયાચાડ ગામે રહેતી ગોરીબેન નિલેશભાઈ ગોરીયા ઉ.વ. ૨૭ ને પતિનિલેશ કેશુભાઈ, વીરજીભ મકવાણા, સરોજબેન વીરજીભાઈ મકવાણા મેણા મારી શારીરીક અને માનસિક ત્રાસ આપી ગાળો બોલી ઢીકાપાટું વડે મુંઢમાર મારી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

લોકસભા ચૂંટણી વખતે થયેલા આક્ષેપો સામે શ્રી કુંભાણીનો ઉત્તર

હું સુરત મા જાહેરમાં ફરુ છુ કોઇ માયનો લાલ પેદા થયો નથી મારી શકે : શ્રી નિલેશ કુંભાણી

ફોર્મ રદ્દ થતાં કોંગ્રેસ ઇન્ડીયા ગઠબંધન દ્વારા આરોપ લગાવાયો હતો

બાબરા, (દિપક કનૈયા)

સુરત લોકસભા બેઠક ના કોંગ્રેસ ના ઉમેદવાર નિલેશ કુંભાણી ના ફોર્મ રદ્દ થતાં નિલેશ કુંભાણી સામે કોંગ્રેસ ઈન્ડિયા ગઠબંધન દ્વારા આરોપ લગાવ્યો હતો કે નિલેશ કુંભાણી એ કોંગ્રેસ સાથે ગદારી કરી છે ફોર્મ રદ્દ થવા પાછળ મોટું સેટિંગ હોય શકે છે એવી બાબતો એ સાથે નિલેશ કુંભાણી સામે કોંગ્રેસ ઈન્ડિયા ગઠબંધન દ્વારા વિરોધ ઉઠાવ્યો છે. ત્યારે આવશ મા આવી લીલીયા સાવરકુંડલા ના પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ ના પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા સુરત લોકસભા બેઠક ના ઉમેદવાર નિલેશ કુંભાણી ને ખુલી ધમકી આપી જણાવ્યું હતું કે કાતો નિલેશ કુંભાણી સુરત રહેશે કા તો પ્રતાપ દુધાત સુરત રહેશે આપી ધમકી આપવામાં આવી હતી ત્યારે નિલેશ કુંભાણી ને પત્રકારો દ્વારા પુછવામાં આવ્યું કે પ્રતાપ દુધાત દ્વારા જે ધમકી આપવામાં આવી છે તે બાબતે આપ શું કહેશો ત્યારે નિલેશ કુંભાણી જણાવ્યું હતું કે કોઈ માઈનો લાલ પેદા થયો નથી મારી શકે એમ હું સુરત રહું છું અને જાહેરમાં હરૂફુ ફરું છું

અમરેલી જીલ્લાની તમામ શાળાઓમાં ફાયર સેફ્ટીની તત્કાલ તપાસ કરો

ફાયર સેફ્ટી જેવી સુવિધા ન હોય તેની સામે પગલા ભરો

બાબરા, (દિપક કનૈયા)

બાબરા શહેર અને તાલુકા મા આવેલી તમામ ખાનગી શાળાઓ અને કોલેજોમા સરકારી શાળામાં ફાયર સેફ્ટી અંગે તપાસ કરવી જરૂરી છે બાબરા શહેર મા આવેલ શાળાઓમાં વિદ્યાર્થીઓ બાળકો માટે કેટલી સેફ્ટી છે એ અંગે તપાસ કરવી જરૂરી છે વારમવાર રાજ્યમા મોલ થીએટર કલાસીસ જેવી જગ્યાઓ આગ લાગવાના બનાવો બન્યા છે એમાં તંત્ર ના પાપે નિર્દોષ લોકો ના જીવ ગુમાવ્યા છે બાબરા શહેર અને ખાનગી શાળાઓ તંત્ર દ્વારા આપેલી મંજૂરી અને સમતા કરતાં વધારે વિદ્યાથીરઓ ને એડમિશન આપવા આવ્યો છે તેમજ શાળા મા સરકાર ના નિયમો મુજબ કેટલીક બાળકો માટે સેફ્ટી શાળા માછે એ બાબતે તપાસ કરવી જરૂરી છ .

બગસરામાં શરાફી સહકારી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિ ચૂકવાઇ

સભાસદના વારસદારને રૂા. ૨૫ હજારનો ચેક અપાયો

બગસરા,(રૂપેશ રૂપારેલિયા)

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની શાખા ચલાલા ના સભાસદ શ્રી ભાર્ગવભાઈ કનુભાઈ સોલંકી નું આકસ્મિક અવસાન થતા તેમના વારસદાર ને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિ ની રકમ રૂપિયા ૨૫૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિનેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ, ડીરેકટર નરેન્દ્રપૂરી ગોસાઈ, જયેશભાઈ વિઠલાણી એડવાઈઝરી બોર્ડ મેમ્બર શ્રી કમલેશભાઈ વિઠલાણી શાખા સેકેટરી ભરતભાઈ ડોડીયા.સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાંઆવેલ.

અવસાન નોંધ

સાવરકુંડલા

મૂળ રૂગનાથપુર ખોડી હાલ સાવરકુંડલા નિવાસી હિમંતગીરી રામગીરી ગોસ્વામી નિવૃત્તએસ.ટી.ડ્રાયવર ઉ.વ.-૭૮ નું તારીખ ૨૭/૦૫ને સોમવારે કૈલાસવાસ થયેલ છે તે વીરજગીરી રામગીરી ના મોટાભાઈ તથા પિયુષગીરી અને વિશાલગીરી ના પિતાશ્રી તેમજ સાવરકુંડલા દશનામગોસ્વામીપ્રગતિ મંડળ પ્રમુખ પ્રકાશગીરી ના મોટા બાપુજી થાયછે તેમનો શક્તિપૂજન ભંડારો તારીખ ૦૭/૦૬ ને શુક્રવારે તેમનું નિવાસસ્થાન જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

કપાસ ૯૦૦ થી ૧૪૯૨ મગફળી ૯૨૫ થી ૧૨૭૧

અમરેલી માર્કેટ યાર્ડ

શિંગમડકી-૯૮૫-૧૨૨૦
શિંગમોટી-૯૨૫-૧૨૭૧
મગ-૧૨૧૦-૧૬૮૬
તલસફેદ-૧૬૨૦-૨૮૦૦
તલકાળા-૧૮૦૦-૩૩૨૫
એરંડા-૭૧૫-૧૦૫૮
ઘઉંટુકડા-૪૫૭-૫૮૨
ઘઉંલોકવન-૪૫૪-૫૬૬
મરચાલાંબા-૬૬૦-૧૦૮૦
ચણા-૯૪૦-૧૩૫૦
કપાસ-૯૦૦-૧૪૬૨
મેથી-૮૭૦-૧૨૦૦
જીરૂ-૨૧૭૫-૫૫૧૫
ઘાણા-૯૪૦-૧૩૬૫
સોયાબીન-૮૧૫-૮૮૫
તુવેર-૧૨૨૦-૧૮૧૫
રાય-૧૦૪૦-૧૨૬૦

અમરેલી શાકભાજી

બટેટા-૪૬૦-૫૦૦
રીંગણા-૪૦૦-૫૦૦
ફલાવર-૫૨૦-૬૨૦
કોબીઝ-૨૦૦-૨૫૦
ટમેટાં-૪૨૦-૫૨૦
વટાણા-૧૬૨૦-૧૮૨૦
ગાજર-૩૧૦-૪૧૦
ગલકા-૨૩૦-૩૩૦
કાકડી-૨૧૦-૩૧૦
ગુવાર-૬૦૦-૧૦૦૦
દુધી-૧૫૦-૨૦૦
તુરીયા-૫૦૦-૬૦૦
ભીંડો-૪૦૦-૫૦૦
આદુ-૨૨૧૦-૨૪૧૦
કોથમીર-૫૦૦-૬૦૦
મેથીભાજી-૮૦૦-૯૦૦
ટીંડોરા-૩૦૦-૪૦૦
લીમડોમીઠો-૧૪૦-૧૮૦
મરચાલીલા-૪૦૦-૬૦૦
લસણસુકું-૩૦૦૦-૩૪૦૦
લીંબુ-૮૨૦-૧૦૨૦
પાલક-૪૫૦-૫૫૦

રાજુલાયાર્ડ

બાજરો-૪૦૦-૫૧૦
જુવાર-૪૫૦-૯૫૧
ઘઉં-૪૫૧-૫૬૧
એરંડી-૮૫૦-૮૫૦
ચણા-૮૫૫-૧૩૧૦
મકાઈ-૪૪૧-૪૪૧
મગ-૧૬૦૦-૧૬૫૦
જીરૂ-૫૭૧૨-૫૭૧૨
કપાસ-૧૦૦૦-૧૪૮૦
તુવેર-૧૬૦૧-૧૬૦૧
અડદ-૧૪૦૦-૧૮૦૦

મહુવાયાર્ડ

ઘઉં-૩૦૦-૬૬૩
ડુંગળીલાલ-૧૧૦-૨૯૬
ડુંગળીસફેદ-૨૦૦-૩૩૬
તલસફેદ-૧૯૯૯-૨૭૯૫
તુવેર-૧૧૪૫-૨૨૮૮
અડદ-૧૧૩૫-૧૮૯૦
ચણા-૧૧૫૭-૧૩૩૬
નાળીયેર-૪૯૭-૧૭૦૦
મગ-૧૫૦૦-૧૬૮૫
કપાસ-૮૬૬-૧૪૪૪
મકાઈ-૨૦૨-૪૪૦

બાબરા

કપાસ-૧૨૨૫-૧૪૭૫
મગ-૧૪૮૦-૧૬૧૦
ચણા-૧૧૬૮-૧૩૧૨
ઘઉં-૪૬૦-૫૩૦
એરંડા-૬૩૫-૧૦૪૫
જીરૂ-૪૬૦૦-૫૬૦૦
મગફળી-૧૧૩૫-૧૧૮૫
તલસફેદ-૨૩૮૦-૨૬૬૦

જુવાર-

ઘારી

કપાસ-

તલ-૧૬૨૧-૨૬૨
શીંગફાડા-૧૩૦૦-૧૪૦૧
ઘાણા-૧૩૦૦-૧૩૦૦
ચણા-૧૧૦૧-૧૨૫૦
ઘઉં-૪૬૪-૫૩૧
તુવેર-૧૬૦૦-૧૬૯૫
બાજરો-૪૦૬-૪૦૬
મેથી-૧૧૦૧-૧૧૦૧

સાવરકુંડલા માર્કેટયાર્ડ

શીંગમોટી-૧૧૫૫-૧૨૪૧
તલસફેદ-૨૪૫૧-૨૭૪૦
જીરૂ-૪૫૦૦-૫૫૦૦
તુવેર-૧૬૦૦-૨૧૬૮
કપાસ-૧૩૦૦-૧૪૬૭
ઘઉં-૪૬૦-૫૨૫
મેથી-૧૦૦૦-૧૧૪૧
ઘાણા-૧૧૦૦-૧૪૦૦
ચણા-૧૨૦૦-૧૩૪૦
બાજરો-૩૭૫-૪૪૫
જુવાર-૪૧૧-૮૪૪

ખાંભા

કપાસ-૧૧૪૬-૧૪૫૧
તલસફેદ-૨૨૭૦-૩૧૧૧
ઘાણા-૧૦૫૦-૧૩૦૦
તુવેર-૧૭૨૬-૧૭૨૬
બાજરો-૪૨૧-૪૨૧
મગફળી-૧૦૬૫-૧૦૬૫

જુવારસફેદ-

મેથી-૧૦૫૦-૧૦૫૦

બગસરા

કપાસ-૧૧૦૦-૧૪૧૯

રાય-૧૧૨૫-૧૧૫૦
જુવાર-૪૫૬-૪૫૬
ઘઉંલોકવન-૪૫૦-૫૨૮
ઘઉંટુકડા-૪૫૧-૫૦૦
મગ-૧૬૭૦-૧૭૧૮
ઘાણા-૧૦૦૦-૧૨૭૨
ઘાણા-૧૧૧૫-૧૩૪૨
શીંગફાડા-૧૪૬૫-૧૫૨૦
સોયાબીન-૮૬૮-૮૬૪
મેથી-૧૦૬૦-૧૧૦૦

અમરેલીફુટમાર્કેટભાવ

ચીકુ-૪૦૦-૬૦૦
દાડમ-૧૮૦૦-૨૪૦૦
મુસંબી-૧૦૦૦-૧૨૦૦
સંતરા-૨૨૦૦-૨૬૦૦
કીવી-૪૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૨૦૦
કેરી-૧૦૦૦-૨૨૦૦
ટેટી-૩૦૦-૫૦૦
કેળા-૩૫૦-૫૫૦
પપૈયા-૪૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ. કાશ્મીર-૧૪૦૦-૨૨૦૦
અનાનસ-૧૩૦૦-૧૫૦૦

લીલીયા

કપાસ-

અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૪૩
ન્યુનતમ તાપમાન ૨૮.૮
ભેજનું પ્રમાણ ૬૭
પવનની ગતિ સરેરાશ-૧૫

ખેતીની જમીન ખરીદવા અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને જણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજ્યના અમરેલી જીલ્લાના **ધારી** તાલુકાના મોજે **સરસીયા** ગામના **રેવન્યુ સર્વે નં.૫૬/૨પ-૧ પૈકી ૨૦,** ખાતા નં.૧૨૦૦ ની જમીન હે.આર.ચો.મી.૭-૭૬-૫૨, પૈકી હે.આર. ચો.મી.૫-૧૮-૦૧ વાળી બીનપીયત પ્રકાર ની જુની શરત વાળી ખેતીની જમીન અમો સંમતી આપનાર **શ્રી મહેશભાઈ જેતાભાઈ વાળા તથા શ્રી હરેશભાઈ જેતાભાઈ વાળા તથા મંગળાબેન અમરૂભાઈ વાળા વા/ઓ. શ્રી ઉમેદભ

અમરેલીમાં સારહિ તપોવન આશ્રમને આકોલીયા પરિવાર દ્વારા ૧૧ હજારનું દાન

દાન અપાતા સંસ્થાએ આભારની લાગણી વ્યકત કરી

અમરેલી,સેવાને સરનામે –ઉમળકા સાથે તા. ૨૫-૦૫-૨૦૨૪ નાં રોજ સારહી પરીવાર ના સભ્યશ્રી એ. વી. આકોલિયા ના સુપુત્ર ભાવિનભાઈ ની સુપુત્રી ના જન્મ દિવસ નિમિતે સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ના તપસ્વીશ્રીઓ ને ભોજન પ્રસાદ કરાવેલ અને ૧૧,૦૦૦/- રૂ. નું અનુદાન આપેલ આકોલીયા પરીવાર ઉપસ્થિત રહ્યું હતું સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાંસ્વપ્નદ્રષ્ટા-પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

અમરેલીમાં નરેન્દ્ર મોદી વિચારમંચ દ્વારા શ્રધ્ધાસુમન અર્પણ

મંચ દ્વારા રાજકોટના અગ્નિકાંડમાં મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવી પ્રાર્થના કરી

અમરેલી, અમરેલી રાજકમલ ચોક ખાતે રાજકોટ માં થયેલ ગેમ જોન માં બનેલી ઘટના ની ભાવ પુર્વક શ્રધ્ધાંજલિ નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ ટી સેલ અમરેલી દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ જેમાં પ્રદેશ સદસ્ય રાજદીપ ધાધલ જીલ્લા અધ્યક્ષ વિપુલભાઈ દવે જીલ્લા મંત્રી આનંદભાઈ મહેતા જીલ્લા કારોબારી સભ્ય ચિરાગ ભાઈ સાદરાણી શહેર અધ્યક્ષ ગૌરવભાઈ મહેતા શહેર મહામંત્રી યશ દવે શહેર સોશિયલ મીડિયા કન્વીનર કૌશલભાઈ ત્રિવેદી તથા સમગ્ર ટીમ સહીત ના આગેવાનો હાજર રહ્યા હતા

સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

ઉના કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઇ

ઉના,
આ વર્ષે થી કોલેજ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન હોય ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ ઉના માપ્રિન્સિપાલ શ્રી ડો.લલિત બારૈયા ના માર્ગદર્શન હેઠળ કોલેજ મા હેલ્પ સેન્ટર કાર્યરત છે ઓન લાઈન પ્રવેશ માટે ની માહિતી અને માર્ગદર્શન કોલેજ ના પ્રાધ્યાપક શ્રીઓ દ્વારા આપવામાં આવી રહ્યું છે.

અમરેલીમાં સપ્તક ફેમિલી કલબ દ્વારા મ્યુઝિકલ પાર્ટી યોજાઇ

સપ્તક ફેમિલી મ્યુઝિકલ કલબ દ્વારા તારીખ ૨૫ શનિવારના રોજ સુફી રોકસ્ટાર સુદેશ પરમાર સુરીલી ગાઈકા દેવિકા જુનિયર જોની લિવર અને ભવ્ય સાથે ટીપટોપ પ્લાઝા ગુલમહોર બેંકવેટ. રાજકમલ ચોક માં યોજાઈ ગયો. નિલકંઠ જવેલર્સના સહયોગથી યોજાયેલા કાર્યક્રમને ફળ બનાવવા માટે આશા દવે અને ડોક્ટર ચંદ્રેશ ખૂટે ખૂબ જહેમત ઉઠાવી હતી.

બાબરામાં ધુળેટી ઉત્સવ ગ્રુપ દ્વારા ગૌ સેવા ગ્રુપને ફાળાની રકમ અર્પણ કરાઇ

બાબરા, (દિપક કનૈયા) બાબરા ગ્રાઉન્ડ ચોક ખાતે દરવર્ષે કડક મંડળી મિત્ર મંડળ દ્વારા ધુળેટીઉત્સવનું ભવ્ય આયોજન કરવામાંઆવે છે તે દરમિયાન લોકો દ્વારા આપવામાં આવેલ ફાળ ની રકમ વધેલી બાબરા ઘણા સમયથી ચાલતી ગૌસેવા ગ્રુપ ને ધુળેટી ઉત્સવ ગ્રુપ દ્વારા ફાળા ની રકમ ગૌ સેવા ગ્રુપ ને અર્પણ કરાય હતી બાબરા શહેર મા રખડતા અબોલા પશુ ઓ માટે ઘાસચારા માટે રકમ આપવામાંઆવી હતી

વડોદરામાં ગુજરાતી સાહિત્ય વિષય અને વૈભવ પર સ્વરૂપલક્ષી પરિસંવાદ યોજાયો

વડોદરા, (મનિષ જોષી)
વડોદરામાં ગુજરાતી સાહિત્ય વિષય અને વૈભવ વિષે સ્વરૂપલક્ષી પરિસંવાદનું જયંતીર્ષિ સાહિત્ય સેવા ટ્રસ્ટના ઉપક્રમે આયોજિત કરવામાંઆવ્યો હતો.જેમાં તજજ્ઞોએ કાવ્ય, નાટ્ય, નવલકથા અને વાર્તા વૈભવના ઉઘાડને રસિકો સમક્ષ પ્રસ્તુત કર્યો હતો.વડોદરામાં રવિવારનો દિવસ સાહિત્ય રસિકો માટે રસસભર પુરવાર થયો. શહેરની જયંતીર્ષિ સાહિત્ય સેવા ટ્રસ્ટના હરીશ શાહ અને તેમના બંધુઓ દ્વારા ગુજરાતી સાહિત્ય વિષય અને વૈભવ વિષે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પ્રારંભ ગુજરાતી ભાષાના દિગ્ગજ કવિ પદ્મશ્રી સિતાંશુ યશચંદ્રએ કવિતાનું સ્વરૂપ મહોરું બની ન જાય તેની કાળજી લેવાની હાકલ કરી, બરફીસર્જકોને ઓળખવા માટે જણાવ્યું હતું. તેઓએ નર્મદ ને ટાંકીને 'શરીરની અંદર કંઈક (આત્મા) છે. સુખ અને દુઃખ ભાવિમાની. એક અચ્છાન સમજાય ત્યારથી કવિ બનવાની તૈયારી થાયછે તેમ જણાવ્યું હતું. કવિતા સફળ ત્યારે જ થાય જ્યારે ભાવક અને કવિ વચ્ચે ઝૈખ્ય ભાવ હોય. એમ કહી કવિતા ના લક્ષણ અને સ્વરૂપ રસીકો સમક્ષ પીરસ્યા હતા. રાજકારણ અને સાહિત્યની મીલીભગત સાહિત્ય રસિકો માટે અને ભાવકો માટે લાલ બત્તી સમાન છે. એવી પણ ટકોર કરી હતી.

કાર્યક્રમના ચરણમાં નાટ્ય ગુરુ મહેશ ચંપકલાલે ગુજરાતી નાટ્ય વૈભવ વિષય પર વાત કરતા ભૂમિકા બાંધી હતી કે લખાય નાટક ત્યારે લખનું હોય, રિહર્સલ વખતે દિગ્દર્શકનું, ભજવાય ત્યારે કલાકારનું અને મંચન પછી નાટક પ્રેક્ષકોનું બની જતું હોય. ૧૮૫૨ માં મુંબઈમાં પારસી નાટક રુસ્તમ સોહરાબનું મંચન થયું અને તેની શતાબ્દી પણ ઉજવાઈ ત્યારે એ થાય છે કે એ પહેલા રંગભૂમિ ન હતી ? તેમ કહી ગુજરાતના સત્વશીલ નાટકો હંમેશા મુંબઈ-નીરંગભૂમિ પર ઉવેખાયા હોવાનો ખેદ વ્યકત કર્યો હતો. વિરામ બાદ શરૂ થયેલા સેશનમાં ડો. ભરત મહેતાએ નવલકથાના વૈભવના વિષય પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે દર વર્ષે થોકબંધ નવલકથાનો ઘાણ ઉતરે છે. પરંતુ સંઘેડાઉતાર હોતી નથી તેથી નવલકથાનો વૈભવ નથી. તેમણે નવલકથાઓમાં રોમાન્સનું તત્વ લેખક ફરતા પ્રકાશક માટે આકર્ષણરૂપ હોવાનું ઉલેખ્યું હતું. તેમના માટે સંઘર્ષ વગર ચાલતી કથાઓ લખાઈ છે. તેને કારણે ખૂબ જ ઓછી નવલકથાઓમાં તેમને રસ પડ્યો હોવાનું ઉમેરી નવલકથાના નકારાત્મક અને હકારાત્મક પાસાઓ રજૂ કર્યા હતા.

ફૂલો એ અમૃત નું પીણું મોકલ્યું છે, સુરજે ગગન ને સલામ મોકલી છે, તેમને નવા જન્મદિવસની શુભકામનાઓ

કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના ૭૦માં જન્મ દિને સેવાકીય પ્રવૃતિઓના સંકલ્પ સાથે ઉજવણી

વિવિધ આગેવાનોએ શ્રી વસંતભાઈ ગજેરાને જન્મદિવસની શુભકામના પાઠવી

અમરેલી,
અગ્રણી કેળવણીકાર , આરોગ્ય ક્ષેત્રે સિદ્ધિઓ સરકરનાર, હજારો નિરાધાર બાળકોને સાચવવા વાળા, સૌરાષ્ટ્રના ભામાશા અને અમરેલીના વતન ના રતન તરીકે ઓળખ ધરાવનાર શ્રી વસંતભાઈ ગજેરાના જન્મ દિવસની નિરાધાર બાળકોને શિક્ષણ, જરૂરિયાત મંદ લોકોને સહાય તેમજ આરોગ્ય ક્ષેત્રે વધુસારી સુવિધાઓ જેવી સેવાકીય પ્રવૃતિઓ દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી. ૧ લાખ વૃક્ષોનું જતન કરવાનો સંકલ્પ કરાયો.

એક સામાન્ય પરિવારમાં જન્મીને આખા ગુજરાતમાં જાણીતું નામ મેળવનાર એટલે વસંતભાઈ ગજેરા.એમના વિશે લખવા ઘારીએ તો કલમની શાહી ખૂટી જાય. પોતાના વતન પ્રેમ માટે આજે તેમણે અમરેલી શહેરની અંદર આરોગ્ય શિક્ષણ તથા માતા પિતા વગરના બાળકોને વિના મૂલ્ય શિક્ષણ આપવાનો નિશ્ચય કરેલો. આજે અમરેલી શહેરની અંદર ૧૫૦૦૦ કરતાં વધારે દીકરા દીકરીઓ શિક્ષણ મેળવી રહ્યાછે.તેઓ વિકાસ માટે હંમેશા અગ્રેસર રહ્યાછે. શૈક્ષણિક ક્ષેત્રે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ ના નેજા હેઠળ નવ કેમ્પસમાં શાળાઓ અને કોલેજોના માધ્યમથી બાળકો સારું એવું શિક્ષણ મેળવે છે તેનું શ્રેય શ્રી વસંતભાઈ ગજેરાને જાય છે. આજે આરોગ્ય ક્ષેત્રે લક્ષ્મી ડાયમંડ અને લક્ષ્મી ગ્રુપ ઓફ કંપની સાથે મળી ગજેરા ટ્રસ્ટ દ્વારા સ્વાસ્થ્ય સંરક્ષણ માટે નીઅનેક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. આ તમામને શ્રી વસંતભાઈ ગજેરા માર્ગદર્શન પૂરું પાડે છે.

આજે સુરત જિલ્લાની અંદર 'વાત્સલ્ય ધામ' નીઅંદર આશરે હજાર જેટલા બાળકોને શિક્ષણ તેમજ જમવાનું પૂરું પાડનાર શ્રી વસંતભાઈ ગજેરા છે. આવા નિરાધાર બાળકોને પગ પર ઉભા ના થાય ત્યાં સુધી તમામ જરૂરિયાતોનું વહન કરનાર ઉદ્યોગ ધંધાની અંદર હંમેશા અગ્રેસર રહેનારા છે. અનેક પારિતોષિક થી સન્માનિત થયા છે. આજે ૨૧ જેટલા દેશોમાં પોતાની ઓફિસ તેમના માર્ગદર્શન નીચે ચાલેછે. આવા 'વતન ના રતન' એવા શ્રી વસંતભાઈ ગજેરાને જન્મદિનની શુભેચ્છા.'અમે તમારા સુંદર જીવન અને સારા સ્વાસ્થ્ય અને હંમેશના સુખની કામના કરીએ છીએ'

અમરેલી સારહિ તપોવન આશ્રમમાં ગાયત્રી યજ્ઞમાં આહુતિ આપતા નગરપાલિકા પ્રમુખ શ્રી લીંબાણી

યજ્ઞમાં બેસી ધન્યતા અનુભવતુ શ્રી બિપીનભાઇ લીંબાણી દંપતિ

અમરેલી,સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નોઆધાર' સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૨૬/૦૫/૨૦૨૪ નાં રોજ અમરેલી નગર પાલિકા નાં પ્રમુખ શ્રી બીપીનભાઈ લીંબાણી, (ધર્મપત્ની) શ્રી મતી શોભનાબેન લીંબાણી,(સુપુત્ર) પાર્થભાઈ લીંબાણી, (ધર્મપત્ની) શ્રી મતી શ્વેતાબેન પાર્થભાઈ લીંબાણી, (સુપુત્રી) નિશાબેન બિપીનભાઈ લીંબાણી ના સહ પરીવાર ને ગાયત્રી યજ્ઞ મા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓ એ પણ યજ્ઞ મા આહુતિ આપી. (ગાયત્રી પરિવાર માંથી શ્રી દિનેશભાઈ ઠાકર એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) સારહી પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ..

ગાંધીનગરમાં સાહિત્યકાર શ્રી દોલત ભટ્ટે ૯૦ વર્ષની જૈફ વયે અંતિમ વિદાય લીધી

અમરેલી,
અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનાં ગામ 'દેરડી' (જાનબાઈ) ખાતે તા. ૧૯ માર્ચ, ૧૯૩૪ ના રોજ જન્મેલા દોલતભાઈએ ખરેખરગત શિક્ષણનો બહુ ઓછું લીધું પણ નાનપણથી જ તળના માણસોનાં દોહલાં જીવતરને અને એમની વેદના/સંવેદનાને નજીકથી જાણી/નાણીને સાહિત્ય તરફ વળ્યા.સૌરાષ્ટ્રની ધરતી અને એનાં ભાતીગળ લોકજીવનના આંતરિક પ્રવાહોને ઝીલતી ૨૦ જેટલી બળુકી નવલકથાઓ દોલતભાઈએ આપી, જેમાં મુખ્યત્વે છે : નાચે મનના મોર/વસમી વેળા/ ધન્ય ધરા સોરઠ/ ધરતીની ફોરમ/ સજ્યા સોળ શણગાર/ વહાલનાં વેણ/મર્દાનગીની મશાલ/સરી જતી સાંજ/ મનનો માણીગર દૂંઢી વાર્તા ક્ષેત્રે પણ દોલતભાઈનું પ્રદાન નોંધપાત્ર રહ્યું.સૌરાષ્ટ્રની ધરતીનો ધબકાર ઝીલતી વૈવિધ્યસભર પાત્રસૃષ્ટિ અને પરિવેશાનુરૂપ તળપદી બોલીનો વિશિષ્ટ વિનિયોગ એ દોલત ભટ્ટની વાર્તાઓનો આગવો આયામ છે. એમના મુખ્ય વાર્તાસંગ્રહો છે ઉરનાં ઈંધણ/પરણેતર/ધરતીનો ધબકાર/ હુંરસનેરઝળતી વાર્તા.દોલત ભટ્ટનું ઉંડીને આંખે વળગે એવું નેત્રદીપક યોગદાન લોકસાહિત્ય વિશેનું છે.સૌરાષ્ટ્ર/ગુજરાત ના વિવિધ પ્રાંતોમાં ફરી ફરીને દોલતભાઈએ જે તે પ્રાંતની લાક્ષણિકતાઓને નિરૂપતી કથાઓનાં સંપાદનો પણ આપ્યાં છે. જેમ કે -અમરેલી જિલ્લાની જિંદાદીલી/ ગોહિલવાડની ગૌરવગાથા/ કચ્છની કીર્તિવંત કથાઓ/ ઝાલાવાડની જવાંમર્દી/ પાટણવાડાના પટાવરો ગુજરાતી બાળ-સાહિત્યને સમૃદ્ધિ બક્ષવામાં પણ દોલત ભટ્ટ સક્રિય રહ્યા.લોકસાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન બદલ 'મેઘાણી સુવર્ણચંદ્રક' અને 'મનનો માણીગર' ને શ્રેષ્ઠ ફિલ્મનો પુરસ્કાર દોલતભાઈને એનાયત થયેલ છે.

દામનગરમાં ચકલી ઘરનું વિતરણ

કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટનો સહયોગ

દામનગર,દામનગર શહેર માં શકિતપીઠ ગાયત્રી મંદિર ખાતે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટ ના સૌજન્ય થી ચકલી ઘર વિતરણ કાર્યક્રમ યોજાયો સમગ્ર રાજ્ય માં અબોલ જીવો પ્રત્યે કરુણા વરસાવતા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટ ના સૌજન્ય થી સેવાગ્રુપ દામનગર દ્વારા ચકલી ઘર નું વિતરણ ગાયત્રી મંદિર ખાતે આજે સાંજે ૬-૦૦ કલાકે સરકારી અગ્રણી હરજીભાઈ નારોલા માજી નગરપતિ સુરેશચંદ્ર મહેતા માર્કેટ યાર્ડ ના ચેરમેન ભગવાનભાઈ નારોલા વજુભાઈ રૂપાધડા બાબુભાઈ મકવાણા ની પ્રેરક ઉપસ્થિતિ માં તેમના વરદહસ્તે ચકલીઘર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

દેવકા ડી.વી.પી. કોલેજનું ૨૦૨૩-૨૪ નું બી.કોમ. (કોમર્સ) નું ઝળહળતુ પરિણામ

તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જાહેર થયેલ તૃતીય વર્ષ બી.કોમ., બી.એસ.સી. કોલેજ પરિણામમાં ડી.વી.પી. કોલેજ દેવકાના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવી

અમરેલી,
તાજેતરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જાહેર થયેલ તૃતીય વર્ષ બી.કોમ., બી.એસ.સી. કોલેજ પરિણામ જાહેર કરવામાં આવેલ તેમાં પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા દ્વારા સ્થાપિત અને શ્રી વ્રજ ભાગીરથી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક સંસ્થા ડી.વી.પી. કોલેજ દેવકાના વિદ્યાર્થીઓ બી.કોમ. (કોમર્સ) વિભાગ માં પ્રથમ ક્રમાંકે ૮૩.૩૧ ટકા લાખણોત્રા જીવુબેન જીવણભાઈ (મે.એકાઉન્ટ ૯૯/૧૦૦) દ્વિતીય ક્રમાંકે ૮૦.૮૬ ટકા વાઘેલા હિરવાબેન જીજ્ઞેશભાઈ, તૃતીય ક્રમાંકે ૭૮.૭૧ ટકા ઘુંઘળવા ધનરાજભાઈ પાંચાભાઈ તેમજ બી.એસ.સી. (સાયન્સ) વિભાગમાં પ્રથમ ક્રમે ૮૮.૭૩ ટકા સાથે ગોહીલ પાયલબેન જેન્તીભાઈ, દ્વિતીય ક્રમે ૮૮.૦૦ ટકા મકવાણા નુતનબેન રમેશભાઈ, તૃતીય ક્રમે ૮૨.૯૧ ટકા કવા પુજાબેન જગદીશભાઈ વિગેરેએ સફળતા મેળવી છે જે બદલ પૂ.ભાઈશ્રીના આશિર્વાદ સહ સંસ્થાના ચીફ કો.ઓર્ડીનેટર ગોયાણી અને સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર હરેશભાઈ જેઠવા તથા કોલેજ પ્રિન્સીપાલ પાર્થભાઈ મહેતા અને સારસ્વત પ્રાધ્યાપક પરિવાર તરફથી બધા વિદ્યાર્થી ભાઈ બહેનોને ખુબ ખુબ અભિનંદન તેમજ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવેલ તેમ સંસ્થાના રામભાઈ એક યાદીમાં જણાવ્યું છે.

અવસાન નોંધ

બગસરા
બગસરા નાં વતની હનીક બિન ઉંમર ભાઈ હેદરાનું મંગળવાર રોજ અવસાન થયું છે. મરહુમ હનીકબિન ઉમરભાઈ હેદરા ની (જીયારત) ગુરૂવારનાં રોજ ૩૦.૫.૨૦૨૪ નાં રોજ મરજીદે આયશા અરબવાડ બગસરા ખાતે રાખવામાં આવેલ છે તેમ ઈસ્માઈલ હનીકભાઈ હેદરા, અમન હનીકભાઈ હેદરા, હુસેન (ગુલો) ફારૂકભાઈ હેદરાએ જણાવ્યું છે.

સાવરકુંડલા
રૂગનાથપુર ખોડીયાર હાલ સાવરકુંડલા નિવાસી હિમંતગીરી રામગીરી ગોસ્વામી નિવૃત એસ.ટી.ડ્રાયવર ઉ.વ.- ૭૮ નું તારીખ ૨૭/૦૫ ને સોમવારે કૈલાસવાસ થયેલ છે તે ધીરજગીરી રામગીરી ના મોટાભાઈ તથા પિયુષગીરી અને વિશાલગીરી ના પિતાશ્રી તેમજ સાવરકુંડલા દશનામ ગોસ્વામીપ્રગતિ મંડળ પ્રમુખ પ્રકાશગીરી ના મોટા બાપુજી થાયછે તેમનો શક્તિપૂજન ભંડારો તારીખ ૦૭/૦૬ ને શુક્રવારે તેમનું સ્થાન જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

અમદાવાદમાં રથયાત્રાનો રૂટ સીસીટીવી કેમેરાથી સજ્જ

અમદાવાદ,અમદાવાદ શહેર પોલીસ દ્વારા સીસીટીવી પબ્લિક સેફટી પ્રોજેક્ટ શરૂ કરવામા આવ્યો છે. આ પ્રોજેક્ટમા સોસાયટી અને દુકાનદારોને શહેરની સુરક્ષામા મદરૂપ થવાની જવાબદારી સોંપવામા આવી છે, જેના ભાગરૂપે સૌથી પહેલા અમદાવાદની ભગવાન જગન્નાથની રથયાત્રાના ૧૯ કીમીના રૂટને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામા આવ્યો છે. આ રથયાત્રાને લઈને પોલીસ અગાઉથી એલર્ટ હોય છે.. અને સંવેદનશીલ વિસ્તારો ૬૧ સીસીટીવી કેમેરા પોલીસ દ્વારા કેમરા લગાવ્યા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂટ પર ૧૧૨ સીસીટીવી છે. જયારે હવે નાગરિકોએ ૧૭૭ કેમેરા લગાવ્યા છે જેથી આ રૂટને ૩૪૮ સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામા આવ્યા છે. આ સેફટી પ્રોજેક્ટની જવાબદારી કાઈમ બ્રાન્ચને સોંપવામા આવી હતી. જના અંતર્ગત કાઈમ બ્રાંચે અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ દુકાનો ચેક કરી હતી. રથયાત્રા દરમિયાન કોઈ પણ પ્રકારનો અનિચ્છનિય બનાવ ન બને તે માટે સજાગતાના ભાગરૂપે ચેકિંગ હાથ ધરાયું હતું. કોઈ પણ પ્રકારનું તોફાન કે કાંકરીચાળો થાય તેવા સંજોગોમાં પૂરતા પુરાવા મળી રહે અને તોફાની તત્વો પકડાઈ જાય માટે પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જેમા દુકાનદાર કે રહીશોએ કેમેરાનું રેકોર્ડિંગ ૧૧ મહિના સુધી રાખવામાં આવે તેવા પણ આદેશો આપવામા આવ્યો છે.

કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

કચ્છમાં કપાસમાં રોગ-જીવાતના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલાં/ વાવણી સમયે લેવાના પગલા સૂચવવામાં આવ્યા

ભુજ,કપાસમાં જોવા મળતાં વિવિધ પ્રકારના રોગની રોકથામ માટે ખેડૂતો વાવણી પહેલાં કે વાવણી સમયે સંકલિત વ્યવસ્થાપન કરીને પાકને નુકસાન થતું બચાવી શકે છે. કપાસમાં સુસીયા પ્રકારની જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન:ઉનાળામાં ઊંડી ખેડ કરવી જેથી જમીનની તિરાડ કે ફાટમાં ભરાઈ રહેલા મીલીબગનો નાશ થાય. બીજને ઈમિડાકલોપ્રીડ ૦.૩૦ડબલ્યુ.એસ. ૭.૫મિલીપ્રતિકિલોબીજ અથવા થાયોમીથોક્ઝામ ૦.૩૦ડબલ્યુ.એસ. ૨.૮મિલીપ્રતિકિલોબીજ પ્રમાણે માવજત આપી વાવણી કરવી જેથી પાકની શરૂઆતની અવસ્થામાં ચુસિયા પ્રકારની જીવાતોથી રક્ષણ મેળવી શકાય. શેઢાપાળા ઉપર ઉગતા નિંદણો ખાસ કરીને ગાડર, જંગલી ભીંડા, ઘાસ વગેરે પ્રકારના નિંદામણોનો છોડ ઉખાડીને નાશ કરવો. મોલોમશી તથા તડતડિયાના જૈવિક નિયંત્રણ માટે પરભક્ષી લીલી પોપટી (કાઈસોપા)ના ઈંડા અથવા ઈયળને લેફ્ટરે ૧૦ હજારની સંખ્યામાં બેવખત છોડવી. ચૂસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે કપાસના પાકની ફરતે બેહાર મકાઈની અથવા મકાઈના ૧૦% છોડ અથવા કપાસની ૧૦ હાર પછી એક હાર મકાઈની લેવી.કપાસમાં પાન અને ઝીંડવાને પડકાન કરતી ઈયળોનું સંકલિત વ્યવસ્થાપન:બીટી કપાસમાં ગુલાબી ઈયળના સંકલિત વ્યવસ્થાપન માટે અગાઉ પાક પુરો થઈ ગયા બાદ કપાસના ખેતરમાં ખરી પડેલા ફૂલ, કડીને ઝાંડવા ભેગા કરી નાશ કરવો. શક્ય હોય તો પાકની ફેરબદલી અને દર બે વર્ષે ઊંડી ખેડ કરવી. વહેલી પાકની, ચૂસિયા પ્રતિકારક, માન્ય બીટીશંકર જાતોના બિયારણની વાવણી (૧૫ જૂનથી ૧૫ જુલાઈ) માટે ઉપયોગ કરવો. સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ બીજ ઉત્પાદક કંપનીઓ દ્વારા બીટી કપાસનાબિયારણ ૨૭૫ ગ્રામમાંજ ૫-૧૦% નોન બીટી અથવા રેફ્યુજીયા બિયારણની મિશ્ર પેકેટ તૈયાર કરી આપવામાં આવે છે તેનું વાવેતર કરવું. પિંજર પાક તરીકે દિવેલા અને પીળા ગલગોટાનું કપાસની ૧૦ હાર પછી એક હારમાં વાવેતર કરવું અને તેની ઉપર મુકાયેલી લીલી ઈયળ, લશ્કરી ઈયળોનાઈંડા તથા ઈયળોનો સમયાંતરે નાશ કરવો. કપાસની જીવાતોના કુદરતી દુશ્મનોની જાળવણી માટે કપાસમાં મકાઈ અથવા જુવાર અને ચોળીની ૧૦% પ્રમાણમાં છાંટ નાખવી.

જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

ગૌ ટેક ૨૦૨૩ની પ્રથમ વર્ષગાંઠની માણાવદરમાં ધામ ધૂમથી ઉજવણી થઈ : ગૌ પૂજન, ગૌ સ્તવન પાઠ યોજાયા

જુનાગઢ,
માણાવદરની જય યોગેશ્વર ગો શાળા માં ૨૫/૦૫/૨૦૨૪ ને શનિવારે સવારે ૯ કલાકે ૩૦૦ ગો માતા અને નંદીબાબાનું પૂજન અર્ચન થયું. ૫૫૫ ગોળ સાથે રોટલી અર્પણ થશે. ગો ગાયત્રી યાગ યજ્ઞના સંયોજક અને ગો ઉપાસક મયૂર મો રાવલ ની રાહબરી નીચે શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ના શાસ્ત્રી કમલેશ ભાઈ મહેતા, જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિજય ભાઈ મશરૂ, વેપારી અગ્રણી શ્રી અશોકભાઈ જીવાણી, જગુભાઈ પટેલ,પૂર્વ નગર પાલિકા પ્રમુખ શ્રી જયેશભાઈ વાઝાણી, લોહાણા મહાજન પ્રમુખ ગીરીશભાઈ સોમૈયા, પ્રજાપતિ સમાજ ના અગ્રણી અનિરુદ્ધ ભાઈ યાદવ શ્રી પરશુરામ ધૂન મંડળ ના પ્રમુખ શ્રી શરદભાઈ રાવલ , પૂર્વ બેંક અધિકારી રમેશભાઈ કાનાબાર જય યોગેશ્વર ગો શાળા ના સંચાલક જયેશભાઈ મોરી, ધર્મ કુળ આશ્રિત સત્સંગ સમાજા એલ. કે. પીઠીયા , રાજુભાઈ મારડીયા, સંજયભાઈ પનારા, ખાસ હાજર રહ્યા ૫૫૫ રોટલીઓના મનોરથી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગોળ ના મનોરથી મગનભાઈ મહેતા કંઠોઈ પરિવાર સેવા કરી હતી. ગો વંદના , કુમારિકા પૂજન, સ્વાન ભાગ ,ખાસ અન્નપૂર્ણા રથ માં રોટલી અને ગોળ સાથે વૈદિક મંત્રો નું ગાન સાથે ગો માતા અને નંદી બાબા ને અર્પણ કરવામાં આવ્યું હતું.

રાજકોટ અગ્નિકાંડનો મુખ્ય આરોપી પ્રકાશ હીરણ જૈન હજી પણ ફરાર

રાજકોટ, રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડનો મુખ્ય આરોપી અને ગેમિંગ ઝોનના માલિક સુધી હજી સુધી ફરાર છે. આ અગ્નિકાંડના માસ્ટરમાઈન્ડ પ્રકાશ હીરણ જૈન હજી સુધી ગાયબ છે. ૩૨નો ભોગ લેનારી રાજકોટ ગેમિંગ ઝોનના અગ્નિકાંડની દુર્ઘટના પછી પ્રકાશ હીરણનો કોઈ અતોપતો નથી. ગેમિંગ ઝોનમાં ૬૦થી ૭૦ ટકા માલિકી પ્રકાશ હીરણની હતી અને તેની તો કોઈ વાત જ કરતું નથી. પ્રકાશ હિરણ જૈનને શોધવા માટે કાઈમ બ્રાન્ચની ટીમ પૂરી તાકાતથી કામે લાગી ગઈ છે. કાઈમ બ્રાન્ચની ચાર ટીમ તેની શોધખોળ કરી રહી છે.પ્રકાશ કાલાવાડ રોડ પર બે કરોડના મકાનમાં રહેતો હતો. તેનું મકાન પ્રદ્યુમન રોયલ હાઈટ્સમાં આવેલું છે. હાલમાં તેના ઘરે કોઈ હાજર નથી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

■ LED હેડલાઇટ
■ ટેલલાઇટ
■ ડિજીટલ મીટર
■ બ્લુટુથ કનેકટીવીટી
■ અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટાપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
ચામાહા શોરૂમ
(જીફોશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૬ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૯-૦૫-૨૦૨૪ બુધવાર



કદાચ અહી દાનવીર કર્ણ એકાદ વખત પગલા પાડી ગયા હશે ! : અમરેલીની રેડક્રોસ અને વેદ બ્લડ બેન્કમાં રકત ખુટી પડયું હતુ ત્યારે

૪૩ ડિગ્રી તાપમાં રકતદાન કરી માનવજંદગી બચાવતું કુંડલા

શ્રી જોગીદાસ ખુમાણના ખમીરવંતા કુંડલામાં માત્ર બે જ દિવસની શોર્ટ નોટીસમાં રકતદાતાઓ ઉમટયા અને ધોમધખતા તાપમાં રકતદાન કર્યું

રકતદાનના ઉમદા કાર્ય માટે કુંડલાના પરજીયા સોની સમાજે વિનામુલ્યે એસી હોલ આપ્યો : સદભાવના ના કેમ્પમાં ૯૭ સીસી રકત એકત્ર થયું

અમરેલી,(ડેસ્કરિપોર્ટર) દરેક વસ્તું રૂપિયાથી મળતી હોય છે પણ રકત અમુલ્ય છે લોકોને બીમારીઓ સમયે રકત નવુ જીવન આપે છે પણ જયારે રકત ખુંટી પડે ત્યારે શુ થાય તેની ખબર ત્યારે જ પડે કે જરુરીયાતના સમયે રકત ન મળે હમણા જ બે દિવસ પહેલા અમરેલીની રેડક્રોસ અને વેદ બ્લડ બેન્કમાં રકત ખુટી પડયું હતુ સૌથી વધુ રકત બી પોઝીટીવ ગ્રુપનું હોય છે તેની જરુરીયાત પણ સાથી વધુ હોય છે આ રકત લગભગ તમામ બ્લડ બેન્કમાં સ્પેરમાં હોય છે પણ હાલમાં તે પણ ખલાસ થઈ ગયું હતુ આવા સમયે ધોમ ધખતા ૪૩ ડિગ્રી તાપમાનમાં સાવરકુંડલાના દાતાઓએ લાજ રાખી અને ૪૩ડિગ્રી તાપમાં રકતદાન કરી માનવજંદગી બચાવી હતી.

સાવરકુંડલાના સેવાભાવી આગેવાન સ્વ. સુરેશભાઈ નાગ્રેચાના પુત્ર અને સદભાવના ગ્રુપના શ્રી રાજુ નાગ્રેચાએ માત્ર બે જ દિવસની શોર્ટ નોટીસમાં કેમ્પની તૈયારી કરી અને શ્રી જોગીદાસ ખુમાણના ખમીરવંતા કુંડલામાં રકતદાતાઓએ ઉમટી પડી ધોમધખતા તાપમાં રકતદાન કર્યુ હતુ આ રકતદાનના ઉમદા કાર્ય માટે કુંડલાના પરજીયા સોની સમાજે વિનામુલ્યે હેમરાજ એસી હોલ આપ્યો હતો સદભાવના ના કેમ્પમાં ૯૭ સીસી રકત એકત્ર થયું હતુ. જેને રેડક્રોસ અને વેદ બ્લડબેન્કને મોકલી આપવામાં આવ્યું હતુ.

એ ઉલ્લેખનીય છે કે, જિલ્લા મથક હોવા છતા રકતદાનમાં અમરેલી સાવ પાછળ છે અહીના યુવાઓ આ પ્રવૃતિથી દલગભગ દુર છે અને આખાય સૌરાષ્ટ્રમાં સૌથી વધુ રકતદાન જો થતુ હોય તો તે કુંડલામાં થાય છે કદાચ અહી દાનવીર કર્ણ એકાદ વખત પગલા પાડી ગયા હશે !.

રવિવારે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટ પહોંચ્યાં : સ્થળનું જાત નિરીક્ષણ કર્યુ

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં રાજ્ય સરકારે એર એમ્બ્યુલન્સની સેવાઓ પણ લીધી

દુર્ઘટનામાં જાન ગુમાવનારનાં પરિવારોને મળી હૃદય પુર્વક સાંત્વના પાઠવી જવાબદારો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા સ્પષ્ટ સુચનાઓ આપી

અમરેલી,
મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટમાં ગેમ ઝોનમાં લાગેલી આગને કારણે સર્જાયેલી કમનસીબ દુર્ઘટનાની જાત માહિતી મેળવવા રવિવારે વહેલી સવારે રાજકોટ પહોંચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવશ્રી રાજકુમાર, પોલીસ મહાનિદેશકશ્રી વિકાસ સહાય, મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે. દાસ સહિત રાજયસરકારના વરીષ્ઠ અધિકારીઓ, શહેર તથા જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે દુર્ઘટના સ્થળનું જાત નિરીક્ષણ કર્યુ હતું. સમગ્ર મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રહેલા ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ પણ શનિવારની મોડી રાતે ઘટના સ્થળે પહોંચીને જે વિગતો મેળવી હતી, તેનાથી મુખ્યમંત્રીશ્રીને વાકેફ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ રાજકોટમાં એઈમ્સ તથા અન્ય હોસ્પિટલ, જ્યાં ઈજાગ્રસ્તોને સારવાર અપાઈ રહી છે, તેની મુલાકાત લીધી હતી. ઈજાગ્રસ્તો અને તેમના પરિવારજનો સાથે વાતચીત કરીને મુખ્યમંત્રીશ્રીએ તેમને અપાઈ રહેલી સારવારની વિગતો મેળવી હતી અને ખબર-અંતર પૂછ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ દુર્ઘટનામાં જાન ગુમાવનારા નિર્દોષ વ્યક્તિઓના પરિવારોને મળીને હૃદયપૂર્વક સાંત્વના પાઠવી હતી ઈજાગ્રસ્તોની સારવારમાં કોઈ ક્ચાશ ન રહે તે માટે પી.ડી.યુ. રાજકોટ ખાતે અન્ય તબીબોતેમજ ફોરામેડિકલ નેફ્રજ પર તૈનાત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારે એર એમ્બ્યુલ-સની સેવાઓ પણ આ દુર્ઘટનામાં લીધી છે અને તમામ મૃત દેહોની ઓળખ માટે તેમના ડી.એન.એ. સેમ્પલ અને પરિવારજનોના રેફરલ સેમ્પલ એર એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગર એફ.એસ.એલ.માં પહોંચાડવામાં આવ્યા છે. તેનું પરીક્ષણ યુદ્ધના ધોરણે ચાલુ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આસમગ્રઘટનાના કારણોની તપાસ માટે રચેલી એસ.આઈ.ટી.ના વડા અધિક પોલીસ મહાનિદેશક શ્રી સુભાષત્રિવેદીએ અને સભ્યોપણ શનિવારે મોડી રાત્રે જ રાજકોટ પહોંચ્યા હતા તથા ઘટનાના કારણોની તપાસ કરી તેનો પ્રાથમિક અહેવાલ ત્રણ દિવસમાં રાજ્ય સરકારને સોંપશે.

રાજુલામાં સફાઈ અભાવે ઠેર ઠેર કચરાના ઢગલા

પાલિકાને લાખો રૂપિયાના સાધનો ફાળવ્યા તે ધૂળ ખાય છે

રાજુલા,
સરકાર દ્વારા નવી ટેમ્પાવો જેસીબી મહિયાર ટેન્કર પંપ સહિત ૨૫ ઉપરાંત કચરા ભરવાના સાધનો હાલ પાલિકા પાસે પડ્યા છે નવું જેસીબી ફાળવું રોડ સાફ કરવા માટે એક કરોડનું મશીન આપ્યું નવી પરંતુ સફાઈ કામ થતું નથી અમુક સોસાયટીઓમાં તો સફાઈ થતી નથી રાજુલાની વસ્તી પ્રમાણે સફાઈ કર્મચારીઓની નીસંખ્યા પણ ઓછીછે એવું સફાઈ કર્મચારી કહે છે કે કર્મચારીઓને પણ કાયમી કરતા ન હોવાથી સફાઈ કર્મચારીઓ પણ પૂરતા ધ્યાન આપતા નથી કર્મચારી કહે છે કે અમારો એવો પ્રશ્ન છે કે અમને પંદર દિવસે છુટા કરે અને ૧૫ ૧૫ દિવસના વારા કરેછે ૧૦ ૧૦ વર્ષથી કાયમી કરતા નથી આવું એક પણ ગુજરાતની નગરપાલિકામાં ન હોય જેથી અમને પૂરો મહિનો કામ કરવા દેવું જોઈએ તો કામગીરી પણ થાય અને અમને પણ પૂરી મહિનાની રોજી મળી શકે અને ૧૫ દી ઘરે બેઠવું ન પડેઅંગે સફાઈ કર્મચારીઓએ જણાવ્યું હતું પાલિકાના અધિકારીને પુછતા જણાવ્યું કે કર્મચારીઓ પૂરતા પ્રમાણમાં છે અને વધી જતા ૧૫ ૧૫ દીના વારા કરવા પડે છે આવો જવાબ મળી રહ્યો હતો પરંતુ આવા કારણોસર સફાઈ કામગીરીમાં પૂરતા પ્રમાણમાં કામ થતું નથીજેથી કરીને રાજુલા સોસાયટીઓમાં સફાઈની કામગીરી શરૂ કરવા તેમજ કચરા ભરવા માટે દરરોજ ટેમ્પો કે ટ્રેક્ટર દરરોજ ભરવા આવે સોસાયટીઓમાં આવે માંગણી સોસાયટી વિસ્તારના લોકો માંથી ઊઠવા પામી છે શહેરીજનોનું કેવું શું ?.કે આવી ફરિયાદ શહેરમાં પાણીની હતી ત્યારે હીરાભાઈ સોલંકી અને ભાજપ આગેવાનો દ્વારા સુંદર રસ્તો કાઢ્યો પાણીનો પ્રશ્ન હલ કરવા માટેરાજુલા નગરપાલિકામાં માજી પ્રમુખ રવુભાઈ ખુમાણ પાણીના અનુભવી હતા તેને નિમણૂક વ્યવસ્થા માટે કરવામાં આવી જેથી હવે પાણીનો દેકારો તો બંધ થયો છે અને ત્રણ દિવસે પાણી તો મળે છે એવી રીતે હવે સફાઈ માટે પણ કોઈ અનુભવી અને નગરપાલિકા સફાઈ અને સ્વચ્છતા અભિયાનમાં માનનારા કોઈ નગર પાલિકાના માજી સભ્યો હોય અને સેવાની ભાવના હોય હાલ સફાઈ નું કામ કઠિન છે સફાઈ ના થાય તો આરોગ્યનો ખતરો હોય છે અને આરોગ્ય સાથે સેડા થાય જેથી કરીને સ્વસ્થ શહેર પ્રેમી તેવા ઉત્સાહી સેવાભાવી કાર્યકર ની આગામી ચૂંટણીના થાય ત્યાં સુધી સેવા કરે કેવી ભાજપના આગેવાનો દ્વારા નિમણૂક કરવામાં આવે તો સફાઈ નોપ્રશ્નપણ હલ થઈ શકે.

રાજકોટમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસની પત્રકાર પરિષદ યોજાઇ

ઉચ્ચ અધિકારીઓ સામે એફઆઇઆર કરવા પ્રદેશ પ્રમુખશ્રી શક્તિસિહજી ગોહિલની માંગણી

પત્રકાર પરિષદને શ્રી શક્તિસિહજી ગોહિલ, અમિતભાઈ ચાવડા, પરેશભાઈ ધાનાણીએ સંબોધન કર્યુ

રાજકોટ,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ રાજકોટની જે દુઃખદ ઘટના બની તે કરુણ ઘટના અંગે રાજકોટ માં કોંગ્રેસ કાર્યાલય ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ રાજ્યસભાના સાંસદ શક્તિસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે અતિ દુઃખદ અને કરુણ ઘટના રાજકોટમાં બની છે. ઉચ્ચ અધિકારીઓની જવાબદારી હોય નાના અધિકારીઓને સસ્પેન્ડ કરવાને બદલે આ અધિકારીઓની સામે એફઆઈઆર કરવા માંગ છે. જ્યારે વિધાનસભામાં પુર્વ નેતા શ્રી પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ચાર વર્ષથી ગેમ ઝોનનું કોઈ પણ પ્રકારની મંજૂરી લીધા વગર ચાલતું હતું આ મોતના તાંડવ માટે જવાબદાર કોણ અધિકારીઓ ઈવેન્ટમેનેજર બનીગયાછે એડમિનિસ્ટ્રેશન ખાડે ગયું છે જેનો ભોગ ગુજરાતની પ્રજા અને ભૂલકાઓ બની રહ્યા છે હવે સાથે મળી ગુજરાતના જન જનની સુરક્ષા કરીએ રાજનીતિ બંધ કરવી જોઈએ. શ્રી અમિતચાવડા એજણાવેલ કે, ત્રણ ચાર માછલા પકડી મગરમચ્છો ને છોડી પડદો પાડવાનો પ્રયાસ થયો છે તમામ અધિકારીઓ સામે પણ ગુનો નોંધવામાં આવે સરકાર હાલ ફરિયાદી બની છે પરંતુ જે લોકોએ સ્વજન ગુમાવ્યા છે તેવા લોકોને પણ ફરિયાદ કરવાની તક મળે જે પગલે કોર્ટમાં કેસ ચાલે ત્યારે આરોપીઓને સજા પડી શકે એસઆઈટી મેયર અને કમિશનર સામે ગુનો દાખલ કરે આ દુખદ બનાવને મૃત્યુ પામનારને શોકાંજલિ પાઠવીએછીએ. પત્રકાર પરિષદ માં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ, લલીતભાઈ વસોયા, લલીતભાઈ કગથરા ગુજરાતના શર્જી પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિત પ્રદેશ કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ અતુલ રાજાણીની યાદીમાં જણાવાયું છે.

રાજકોટની દુઃખદ ઘટનામાં સાવરકુંડલા શહેર કોંગ્રેસે મૌન કેન્ડલ માર્ચ યોજી

શહેરીજનોએ મૃતકોને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

સાવરકુંડલા,દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગત આત્માઓને ઈશ્વર શાંતિ અર્પે અને ઈજાગ્રસ્તોને ઝડપથી સાજા કરે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે હૃદય પૂર્વક ની અપીલ તથા મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આજે સાવરકુંડલા ખાતે શહેર કોંગ્રેસ પરિવાર દ્વારા કેન્ડલ માર્ચનો કાર્યક્રમ રાખવામાં આવેલ.આ કાર્યક્રમ માં કોંગ્રેસ પક્ષના તમામ આગેવાનો ,કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, મૃતકો ને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

સુરતમાં ભુરખીયા ગામ પરિવારનું સ્નેહમિલન યોજાયો

જ્ઞાતિના આગેવાનોની ઉપસ્થિતિમાં સ્નેહમિલનમાં અનેરો ઉત્સાહ છવાઇ ગયો

દામનગર,
સુરત ખાતે સામાજિક સંવાદિતા વચ્ચે ભુરખીયા દ્વારા ની આશ્રિમ કૃપાથી અને વડીલોના આશીર્વાદથી તેમજ યુવાનો અને દાતાશ્રીઓના સહયોગથી સમસ્ત ભુરખીયા ગામ પરિવાર સુરત નુ બીજા સ્નેહમિલન નું ખૂબ સુંદર આયોજન થયુ હતુ જેમાં રાષ્ટ્રગાન હનુમાન ચાલીસા પાઠ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી તેમજ બાળ વક્તા ચાર્મી ગુણ ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ કાર્યક્રમ યોજાયો હતો તેમજ વડીલો મુખ્ય દાતાશ્રીઓ તેમજ ગામના યુવાનોને સન્માનિત કર્યા હતાજેમાં સામાજિક કાર્યકર્તા અને યોગા ટીચર સુરજભાઈ મિયાણીએ જણાવ્યું હતું કે કોઈપણ જ્ઞાતિ જાતિનો ભેદ રાખ્યા વગર સમસ્ત ગામજનોએસાથેભોજન લીધુંહતું.

સાનિધ્ય ગ્રુપ દ્વારા

સાવરકુંડલામાં ધર્મસભા યોજાઇ

શ્રી ભોજલરામ જયંતિ નિમિતે ધર્મસભાનું થયેલુ આયોજન

સાવરકુંડલા,સાવરકુંડલા મુકામે સાનિધ્ય ગ્રુપ (સાવરકુંડલા-સુરત- વડોદરા-અમદાવાદ) દ્વારા આયોજિત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને અતિ લાલુ કાચબા ક્રાચબી પદના રચિયતા એવા આધ્યાત્મિક અને સામાજિક ક્રાંતિના પ્રણેતા વંદનીય સંત શ્રી ભોજા ભગત(ભોજલરામ બાપા)ની ૨૩૮ મી જન્મજયંતી નિમિતે ધર્મ સભામાં રાજસ્વી મહાનુભાવો, ઉંચોગપતિઓ, સમાજ અગ્રણીઓ, વિવિધ ગામ અને તાલુકાના લોકોએ ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને દીપાવ્યો હતો.જીવતા જીવે રક્તદાન અને બ્રેઈનડેડ બાદ અંગદાનના શુભ આશય સાથે સાવરકુંડલા શહેરમાં જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા અંગદાનના વેઈટીંગ લિસ્ટને ડોનરો દ્વારા માટેનોસંકલ્પશુક્રમવેવામાં આવ્યો છે? તેની વિશેષ જ્ઞાણકારી આપવામાં આવી હતી સમાજમાં અંગદાન અંગે જાગૃત્તિ આવે તે માટે વધુને વધુ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.આસંકલ્પનેપ્રતિસાદ આપતા અંગદાન એજ સર્વ શ્રેષ્ઠદાન ની ભાવનાને સાકાર કરવા ભોજલરામસત્સંગ મંડળ અને સાનિધ્ય ગ્રુપના પ્રમુખ અને ટીમ જીવનદીપ અમરેલીના સભ્ય અશ્વિનભાણવીયા, ઉપપ્રમુખ રાજેશ ડોબરીયા સહિત તમામ સદસ્યો તેમજ અન્ય મહાનુભાવો દ્વારા અંગદાન કરવા માટેનો સંકલ્પ કરી અનોખી રીતે ઉજવણી કરવા માં આવી. આ પ્રસંગે રાજસ્વી મહાનુભાવ શ્રી નારણભાઈ કાછડીયા, ભરતભાઈ સુનરિયા, સુરેશભાઈ પાનસુરિયા, દેવચંદભાઈ કપોપરા, ટીમ જીવનદીપ વતી સંજય વળાવીયા, બિપીન તળાવીયા, હાર્દિક ખીચડિયા, અલ્પેશ દુધાત સાથે રાજકીય મહાનુભાવો, ભોજલરામ સત્સંગ મંડળ, સાનિધ્ય ગ્રુપના સભ્યો અન્ય મિત્રો, સાધુ-સંતો, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અને તેમની અમરેલી જિલ્લાની સમગ્ર ટીમ, સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત રહી અંગદાનવિશેસચોટ માહિતી આપવામાંઆપી હતી, તેમજ હાજર સૌ કોઈ સભ્યોએઅંગદાન માટે સંકલ્પલીધીયા. લોકોમાંજાગૃત્તિ આવી રહી છેઅનેઅંગદાનક્ષેત્રમાંખુબજ ઉમદાસેવાદિય કાર્ય થઈ રહ્યુ છે. સામાજીક કાર્યક્રમોની સાથે ધાર્મિક કાર્યક્રમોમાં પણ સમાજમાં અંગદાન અંગેજાગૃતિ આવેતેમાટેસતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

ચાંચબંદરનો યુવાન કેદારનાથ યાત્રાએથી પરત આવતા સામૈયા કરાયાં

રાજુલા,રાજુલા તાલુકાના ચાંચ બંદર ગામના યુવાન ૩૫૦૦કિ.મીબદ્રીનાથ કેદારનાથની યાત્રા કરી ચાંચ બંદર આવતા લોકોએસામૈયું કર્યું રાજુલા તાલુકાના ચાંચ બંદર ગામના ઉત્સાહી યુવાન ત્રણ મહિના પહેલા ચાંચ બંદરથી વિશાલભાઈ ગુજરીયા નામના ઉત્સાહી યુવાન પગપાળા બદ્રીનાથ કેદારનાથ યાત્રા અને પરત ચાંચ બંદર ગામમાં આવતા સમસ્ત ચાંચ બંદર ગામના યુવાનો દ્વારા વિશાલભાઈ ગુજરીયા નું ઢોલ નગારા અબીલ ગુલાલ સાથે સામૈયું કર્યુ હતું અંગે પત્રકારોએ પુછતા જણાવ્યું કે હું તડકા વરસાદ અને ઠંડી પડી રસ્તામાં હતા હું હિંમત હાર્યો ન હતો અને મારી એક જ નેમ હતી બદ્રીનાથ કેદારનાથ મારે યાત્રા પગપાળા જવું છે અને આજે હું બદ્રીનાથની યાત્રા કરી અને પરત આવ્યો ત્યારે મને ખૂબ આનંદ થયો છે અને બદ્રીનાથ કેદારનાથના મારી ઉપર પૂરા આશીર્વાદ હોવાથી હું ક્યારેય રસ્તામાં બીમાર કે થાક પણ લાગ્યો ન હતો અને રસ્તો પણ મળી જતો હતો ત્યામમેં જીવનની યાત્રા આપ ગ્રુપાપાળા થી પૂર્ણ કરતા હવે હું મારા પાછા અગરિયાના કામેલાગી જઈશ આ સામૈયામાં ગામના માજી સરપંચ કાનજીભાઈ ચૌહાણ તથા વલ્લભભાઈ તથા ચિંલ્લા પંચાયતના સદસ્ય વિકમભાઈ શિયાળ ગ્રામજનો સામૈયામાં જોડાયા હતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ પણ અભિનંદન પાઠવ્યા હતા.

બગસરા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખશ્રી માયાણીના પિતાશ્રીનુ નિધન

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)
બગસરા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ધીરૂભાઈ (લકી) માયાણીના પિતાશ્રી તેમજ અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય ઈલાબેન ધીરૂભાઈ માયાણીના સસરા તેમજ ભાવેશભાઈ તેમજ રમેશભાઈના પિતાશ્રી ઘુસાભાઈ ખીમાભાઈ માયાણી ઉ.વ. ૮૦ નુના ૨૬/૫ ના રોજ અવસાન થયેલછે તેમની ઉતરક્રિયા તા ૬/૬ ને ગુરૂવારના રોજ તેમના નિવાસસ્થાને હામાપુર ખાતે રાખેલછે.

જુનાગઢમાં જીજાજી તથા અન્ય લોકોને ફોટા મોકલી આપવાની ધમકી આપીને જુગારધામ

શખ્સનું સગીરા પર દુષ્કર્મ : પોલીસમાં ગુનો દાખલ

કાઠી ક્ષત્રિય બોર્ડિંગ રાજકોટ દ્વારા એસપીશ્રી હર્ષદ મહેતાનાં જન્મદિનની ઉજવણી

જીપીએસસીનું માર્ગદર્શન આપતા એસપીશ્રી હર્ષદ મહેતા

રાજકોટમાં કાઠી ક્ષત્રીય સમાજ બોર્ડીંગ અને કેડેટનાં સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને જીપીએસસીનું પરિક્ષા લક્ષી માર્ગદર્શન આપી જન્મદિન ઉજવતા એસપીશ્રી હર્ષદ મહેતા

કોઈ પણ ક્ષેત્ર માં પણ કોઈ નવું કર્યું તો એમને પણ આગળ લાવવા જોઈએ અને એમની સ્ટોરી પણ મૂકવી જોઈએ સમાજનાં બુધ્ધિજીવી લોકોએ જહેમત ઉઠાવી પડશે : શ્રી મહેતા

રાજુલા, (કનુભાઈ વરૂ)

શ્રી કાઠી ક્ષત્રિય સમાજ બોર્ડિંગ રાજકોટ જીપીએસસી કલાસ ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને kdet ના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનો દ્વારા એસ.પી હર્ષદ મહેતાના જન્મદિવસ નિમિત્તેસૂર્યનારાયણનીમૂર્તિફોટો અર્પણ કર્યો હતો .

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું અંતે રાજકોટમાં બનેલી દુઃખદ ઘટના માટે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો વિશાળ મહાનુભાવો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા IPS હર્ષદભાઈ મહેતા એ જીપીએસસી કલાસના વિદ્યાર્થીઓને ટૂંકા માર્ગદર્શનમાં ખુબજ સરસવાત કરી ગઈ કાલે કેહું કાઠીદરબાર નીવસ્તીવાળા ગામમાંથીજ આવુંછું અને આપ બધા ની સાથે જ મોટો થયો છું અને આપણા ભાઈઓ હરપાલ ભાઈ વાળા , નરેન્દ્રભાઈ ધાધલ અને ભાભલુંભાઈ ની સાથે ના એમના સ્મરણો પણ એમને વાગોળ્યા હતા એમાં એમની એક વાત ખુબજ સરસ હતી કે હું તમારા સમાજ ને ઓળખું છું નજીકથી એમાં સમાજ એરોલ મોડલ બદલવા ની જરૂર છે એ વાત કરી હતી અને સમાજ ના ભાઈઓ જે કોઈ , લેખક, ઈતિહાસકાર, મોટી મલ્ટી નેશનલ કંપની ઓ માં સારા હોદા પર હોઈ, કોઈ મોટા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ હોઈ , કે એન્ટરપ્રેનીયોર હોઈ તેમના વિશે અને તેમની સંઘર્ષ ની સ્ટોરી કે એમના ઈન્ટરવ્યૂ લઈ અને એમને આઈડિયલ તરીકે આગળ લાવવા જોઈએ જેમાં કોઈ પણ ક્ષેત્ર માં પણ કોઈ નવું કર્યું તો એમને પણ આગળ લાવવા જોઈએ અને એમની સ્ટોરી પણ મૂકવી જોઈએ, એ વાત બધા ને ખુબજ ગમી અને એમના વિશે ખરેખર જરૂર છે કે સમાજ ના બુદ્ધિજીવી લોકો એ આજ હેમત ઉઠાવવી જ પડશે તેમ એસપી હર્ષદ મહેતા એ પણ જણાવ્યું હતું. ભરતભાઈ ગીડા આઈ બી છત્રજીત કુમાર ખાચર જસદણ, હીરાભા માંજરિયા ,રણજીતભાઈ ધાધલ, મહાવીરભાઈ વાળા, અને અજયભાઈ ખુમાણ તથા નિવૃત્ત આચાર્ય ભાણદુભાઈ ચાંદુ માણસુર ભાઈ વાળા બધા એ ખુબજ સરસ વાત કરી અને યુવાનો ને ટ્રસ્ટીઓને પ્રોત્સાહિત કર્યા હતા તમામ વિદ્યાર્થી મિત્રો જે રાજકોટ સૌરાષ્ટ્ર ભરના અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થી મિત્રોને તમામ ટ્રસ્ટી મંડળ સહભાગી થયા હતા.

પાલઘર રેલ્વે સ્ટેશન પાસે ગુડ્સ ટ્રેનમાં કેટલાક ડબા પાટા પરથી ઉતરી જતા રેલ વ્યવહાર ખોરવાયો

જય ઉમિયા માતાજી ૐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ 94281 90118

ઉમિયા ફેશન

એક જ ભાવ સાઇઝ S TO 5XL

ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ
ઉમિયાનું ઉનાળુ કલેકશન છે ખાસ....

કેપ્રી | જીન્સ | કોટન ટ્રેકપેન્ટ
શોર્ટસ | નાઇટવેર | કોલર પોકેટ - ટી શર્ટ
બરમુડા | સેન્ડો ટી-શર્ટ | ફુલ/ડાફ સ્લીવ ટી-શર્ટ
(જોડી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઇન, પ્લેયર્સ, હકુચો)

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...

- કોઈપણ ઉમરના વ્યક્તિની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, ફ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું

હારમની વિકેન્ડ વિલા

અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા

આ છે અહીંની વિશેષતાઓ...
- વિક્ટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ

સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી

ટાઇટલ ક્લીયર લોનેબલ

વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ ક્લેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ગામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

હવે કોઈપણ A.C. ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
0% ફાયનાન્સ

સિમ્ફની એર કુલર
GENERAL | MITSUBISHI | BLUE STAR | Cruise | DAIKIN | VOLTAS A TATA Product | IFB | BPL | HITACHI | Kelvinator | LG | Whirlpool
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...

યોગી ઇલેકટ્રોનિકસ
શોપ નં.૮, સુધરાઈ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo. 78020 42200 | 94267 61717

MARUTI SUZUKI ARENA VITARA BREZZA

Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999

Alpha Autolink

મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

ક્રમ	થાપણના પ્રકાર ફી.ડી.	વ્યાજનો દર	ક્રમ	થાપણના પ્રકાર ફી.ડી.	વ્યાજનો દર
૧	૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી	૮%	૬	૪ વર્ષ ઉપર	૧૨.૫%
૨	૯૧ દિવસથી ૧૮૦ દિવસ	૯%	૭	૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ)	ડબલ
૩	૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી	૧૦%	૮	મંથલી બચત (૧૨ માસ)	૧૧%
૪	૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી	૧૨%			

આકર્ષક વ્યાજદરો

સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ
- ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

-:: જાહેર નોટીસ ::-

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ અશ્વિન એમ.પટેલ, આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ આપી જાણ / તાકિદ કરૂ છુ કે,

અમારા અસીલશ્રી હંસરાજભાઇ નારણભાઇ પરસાણા રહે. સણોસરા, તા.જી. રાજકોટ વાળાએ નીચેની ખેતીની જમીન વેચાણથી રાખવા નકકી કરેલ હોય જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના હરીપુરા ગામની ખેતીની જમીન ખાતા નં.૪૨૧, રેવન્યુ સર્વે નં.૧૦૯/૩, જેનું ક્ષેત્રફળ હેકટર ૧-૭૮-૦૪ ચો.મી.

ઉપરોકત ખેતીની જમીન વેચાણથી લેવા અમારા અસીલે આ ખેતીની જમીનના માલીક અને કબજેદારશ્રી કોટડીયા દિલીપભાઇ હરજીભાઇ સાથે નકકી કરેલ છે અને આ ખેતીની જમીનનો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ આપી સર્વેને જાણ / તાકિદ કરી જણાવીએ છીએ કે,

ઉપરોકત ખેતીની જમીનમાં કોઇ ઇસમ / વ્યકિતનું કે કોઇ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી - અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલ્કત કોઇની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઇ ઇસમ / વ્યકિતનો લાગ ભાગ, હકક, હિસ્સો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ. એ.ડી. થી જણાવવુ અન્યથા તે અંગે કોઇને હરકત, વાંધા, તકરાર સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માનવામાં આવશે. અને ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઇ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી અને અમારા અસીલ પાકો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ કરી લેશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૯-૫-૨૦૨૪

અશ્વિન એમ.પટેલ - એડવોકેટ એન્ડ નોટરી
આકાર કોમ્પલેક્ષ, પ્રથમ માળ, નાગનાથ મહાદેવ બસ સ્ટોપની બાજુમાં, સરકારી ગર્લ્સ હાઇસ્કુલ પાસે, અમરેલી

બાલકિષ્ના ટ્રેકટર્સ
પ્રસ્તુત છે નવુ આયસર
188 (મીની) ટ્રેક્ટર
ગર્વમેન્ટ સબસીડી માન્ય
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન
● ઓઇલ બ્રેક
● મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
● સાઇડ ગેર
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ તા.૨૯-૦૫-૨૦૨૪ બુધવાર

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુડા, તથા લીલા મરચા, ધાધર, સીબોરા, ખુજલી, ખસ, લોહી, મંડાઇ જવું પાકી ગયેલ સ્કોલી, મડમુડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, બીલ, વાળીયા, ફરોળીયા, ઘાંટિ, ફરસ-મસા-મંમર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટડી સકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એસ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૯૪ ૨૫૬૨૪
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૧૪૮૪ ૬૬૮૪૪
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫

અમરેલીનાં ફાયર તંત્ર દ્વારા જેટલી જગ્યાએ ક્ષતી દેખાય ત્યાં જાણ કરાઇ છે

અમરેલીની સરકારી સંસ્થાઓમાં ફાયર સેફટીના પગલા ચકાસો

અમરેલી જિલ્લા પંચાયત, પોલીટેકનીક, આઇટીઆઇ, નગરપાલિકા સહિતની સૌથી વધુ અવર જવર ધરાવતી સરકારી ઇમારતોમાં પણ ફાયર સેફટીની ચકાસણી જરૂરી

રાજકોટની ઘટના ઉપરથી બોધપાઠ લઇ અને ફાયર સેફટી માટે અમરેલીમાં દરેક જગ્યાએ ગંભીરતાથી ફાયર તંત્રના સુચનનો અમલ કરવો પણ ખુબ જ જરૂરી છે

અમરેલી,(ઉસ્કરિર્પોટર)

અમરેલીનાં ફાયર તંત્ર દ્વારા જેટલી જગ્યાએ ક્ષતી દેખાય ત્યાં જાણ કરાઇ છે અને ગંભીરતાવાળી જગ્યાઓ માટેપગલાઓલેવાઇરહયાછેપરંતુસાથે સાથે અમરેલીની સરકારી સંસ્થાઓમાં ફાયર સેફટીનાપગલાચકાસવાજરૂરીછે કારણકે અમરેલી જિલ્લા પંચાયત, પોલીટેકનીક, આઇટીઆઇ, નગરપાલિકા સહિતની સૌથી વધુ અવર જવર ધરાવતીસરકારીઇમારતોમાંપણ ફાયર સેફટીનીચકાસણીજરૂરી છે.

જો ફાયર વિભાગે સુચના આપી હોય તો આ કચેરીઓએ તેનો અમલ થયો છે કે કેમ તેનીચકાસણી કરી લેવીજરૂરીછે.રાજકોટનીઘટનાઉપરથી બોધપાઠ લઇ અને ફાયર સેફટી માટે અમરેલીમાં દરેક જગ્યાએ ગંભીરતાથી ફાયર તંત્રના સુચનનો અમલ કરવો પણ ખુબ જ જરૂરી છે. કારણ કે અમરેલીની ઘણી સરકારી કચેરીઓ મોટી જગ્યામાં બનેલી છે અને સંખ્યા બંધ અરજદારોકે પ્રજાના પ્રતિનિધિઓની અવર જવર રહેતી હોય છે.

ધારીના સાદીકભાઇ હુદાણી લક્કી હતા તેણે પરિવાર અને બીજા આઠને બચાવ્યા પણ

આગ લાગતા બહાર નીકળી ગયેલ કલ્પેશ બીજાને બચાવવા માટે અંદર ગયો અને...

ટીઆરપી ગેમ ઝોનમાં આગ ભભુકતા બહાર નીકળી ગયેલ કલ્પેશ બગડા અંદરથી બચાવો ની ચીસો સાંભળી મદદે ગયો અને પરત ન ફર્યો

અમરેલી,(ઉસ્કરિર્પોટર)

નવ સભ્યોના પરિવાર સાથે ટીઆરપી ગેમ ઝોનમાં ગયેલા ધારીના સાદીકભાઇ હુદાણી લકકી હતા તેણે પરિવાર અને બીજાઆઠને બચાવ્યા પણ દરેક વ્યક્તિ આવી ભાગ્યશાળી નથી હોતી. અમરેલી જિલ્લાના વતની એવા આશાસ્પદ યુવાનને પણ ગેમ ઝોનની આગ ભરખી ગયાની વિગતો બહાર આવતા શોકની લાગણી ફરી વળી છે.

ટીઆરપી ગેમ ઝોનમાં કામ કરતાઅનેછેલ્લાપાંચેવર્ષથીરાજકોટમાં સ્થાયી થયેલ કલ્પેશ પ્રવિણભાઇ બગડા ગેમ ઝોનમાંઆગલાગતાબહાર નીકળી ગયેલપણકલ્પેશબીજાનેબચાવવાઅંદર ગયો અને તેનો ભોગ લેવાયો હોવાની વિગતો બહાર આવી રહી છે.

ટીઆરપી ગેમ ઝોનમાંઆગ ભભુકતા બહાર નીકળી ગયેલ કલ્પેશ બગડા ગેમ ઝોનની અંદર આગની લપેટમાં ફસાયેલા લોકોની બચાવો ની ચીસોસાંભળીમદદે ગયોહતોઅનેપરત ફર્યો ન હતો.

પાંચેક વર્ષથી પિતા સાથે રાજકોટ સ્થાયી થયેલ યુવાનનાં પરિવાર ઉપર વજઘાત

રાજકોટમાં સર્જાયેલ અગ્નિકાંડમાં અમરેલી જિલ્લાનાં રબારીકા ગામનાં આશાસ્પદ યુવાનનો ભોગ લેવાયો

રાજકોટનાં ટીઆરપી ગેમ ઝોનમાં નોકરીએ રહેલ કલ્પેશ બગડા નામના રબારીકાના વતની આશાસ્પદ યુવાનની અંતિમ વિધી કરવા માટે આજે તેમનો મૃતદેહ વતન રબારીકા લાવવામાં આવશે : આજે ૧૯ મૃતદેહો ઓળખ વિધી બાદ સોંપવામાં આવ્યાં

અમરેલી,(ઉસ્કરિર્પોટર)

પાંચેક વર્ષથી પિતા સાથે રાજકોટ સ્થાયી થયેલ યુવાનનાંપરિવાર ઉપર વજઘાત થયો છે. રાજકોટના અગ્નિકાંડમાં અમરેલી જિલ્લાનાં સાવરકુંડલાતાલુકાનારબારીકાગામનાં આશાસ્પદ યુવાનનો ભોગ લેવાયો છે. રાજકોટનાં ટીઆરપી ગેમ ઝોનમાં નોકરીએ રહેલ કલ્પેશ પ્રવિણભાઇ બગડા નામના રબારીકાના વતની ૧૯ વર્ષનાંઆશાસ્પદ યુવાનનીઅંતિમવિધી કરવા માટે આજે તેમનો મૃતદેહ વતન

(અનુ. પાના નં.૩)

માતૃશ્રી શાંતાબેન કોલેજ
એડમીશન ઓપન
B.A. B.Com. B.C.A. LL.B.
LL.M. M.A.(SANSKRIT) B.Sc.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુ.જી.સી.
ધો.૧૦-૧૨ NIOS માન્ય બોર્ડ કેન્દ્ર
માતૃશ્રી શાંતાબેન કોલેજ - દેરડી (કું)
કોન્ટેક્ટ નંબર : 94085 18418, 94097 30130
રાજકોટ ઓફીસ : શિવ એન્ટરપ્રાઇઝ
૨/૩, પુજા કોમ્પ. બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગરોડ, રાજકોટ.
મો.નં.94275 57351

માતૃશ્રી ક્લિનિક
ડો. આકાશ આર. જાવિયા B.H.M.S.(C.C.H.)
ડો. હિના એ. જાવિયા B.A.M.S.,M.E.T.C.
રાજકોટની ખ્યાતનામ હોસ્પિટલમાં ૬ વર્ષથી વધુ કામ કરવાના અનુભવી - નિષ્ણાંત તબીબ
પેટના રોગો
ગેસ - એસીડીટી, વારંવાર મોઢુ આવી જવુ, ઉલ્ટી - ઉબકા થવા, પીત - કબજીયાત, લીવરની સોજો, પેટ ફુલવુ - પેટનો દુઃખાવો, અપચો રહેવો, પિતાશયની પથરી, આંતરડામાં ચાંદા પડવા, ભુખ ન લાગવી, હરસ - મસા તથા તેની સાથે લોહી પડવુ તેની તપાસ તથા સારવાર ઉપલબ્ધ
તારીખ : ૨૪-૫-૨૦૨૪ થી ૨૭-૫-૨૦૨૪ સુધી ક્લિનિક તદન બંધ રહેશે
E.C.G. (કાર્ડિયોગ્રામ) ની સુવિધા ઉપલબ્ધ / ડાયાબીટીસ / બી.પી. / કોલેસ્ટ્રોલ
સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦, સાંજે ૪:૦૦ થી ૭:૦૦
દુ.નં.૧૦, લાઇફ લાઇન કોર્નર, માણેકપરા, મેઇન રોડ, નારી હોસ્પિટલની સામે, અમરેલી
મો.૯૬૬૨૬ ૩૫૧૨૪

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફેશર માટે) :
રૂ. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂ. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂ. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂ. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

SAMBHAAV HOSPITAL સમભાવ ન્યુરોસાઇકીયાટ્રી ક્લિનીક
માનસિક રોગોના ખ્યાતી પ્રાપ્ત નિષ્ણાંત
ડો. અંકિત એચ. મોગા M.B., D.P.M. (Pcy.)
મગજ, માનસિક, મનોજાતિય અને વ્યસનમુક્તિના નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધાઓ
માથાનો દુઃખાવો, આંચકી ને લગતા રોગો, વિચારવાયુને લગતા રોગો, ઉદાસી, ચિંતા, તણાવ, હતાશા, વધારે પડતો ગુસ્સો આવવો, ધુન રોગ, દ્વિધ્રુવીય રોગ, આઘાતના વિચારો આવવા, બાળકોને લગતા માનસિક રોગ, વૃદ્ધાવસ્થાને લગતા માનસિક રોગ વગેરેની સારવાર
સોમ થી શનિ સવારે : ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮
માણેકપરા, લાઇફ લાઇન કોર્નર સામે, ડો.ધડુક સાહેબની હોસ્પિટલની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, અમરેલી
અપોઇમેન્ટ માટે મો.૭૫૬૭૨ ૭૬૩૬૯

અમરેલી જિલ્લાના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશ ખબર...
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ (ડો.રામાનુજ હોસ્પિટલ) ખાતે
યુરોલોજી વિભાગ
આયુષ્માનકાર્ડ ધારકોને યુરોલોજી વિભાગમાં
પથરી, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગને લગતાં ઓપરેશન
નિઃશૂલ્ક (ફ્રી) કરી આપવામાં આવશે.
શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ - સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૯૫૦ / ૨૩૩૫૦ મો.૬૩૫૩૧ ૧૩૭૭૨

LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
Up to 5% Cash Back Max. up to 2000/-*
LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI - 365601
Ph: 9408159606 / 9974772377

Swara Skin/Hair/Laser Clinic
ડૉ. ચિરાગ વામજા (એમ.ડી. સ્કીન.)
ઉપલબ્ધ સુવિધાઓ
મસા, ખીલ, ધાધર, ખરજવું, ખરતાં વાળ, કપાસી
લેસર હેર રીમુવલ, કેમિકલ પિલિંગ, હેર ટ્રાન્સપ્લાન્ટ, પી.આર.પી. ટ્રીટમેન્ટ, હાઇડ્રા ફેશિયલ, મીસો થેરાપી
કલરવ હોસ્પિટલ
C/O. કેરીયા રોડ રેલવે અંડરબ્રીજ પાસે, અમરેલી. 92651 07698

હવે...બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
24x7 Emergency Services
ડૉ. નીત ચોટાઈ
MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો | પથરીના ઓપરેશન
પ્રોસ્ટેટના ઓપરેશન | સુન્નતના ઓપરેશન
પુરુષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
કિડની, મૂત્રમાર્ગ, પ્રોસ્ટેટ અને પથરીના સુપર સ્પેશ્યાલિસ્ટ ૨૪x૭ ઈમરજન્સીમાં મળશે.
લેબોરેટરી, ડીજીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ, આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
મોન હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૫૫૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૩૩૬૬૯

ટપક પદ્ધતિની 16 mm અને 20 mm હોલસેલ ભાવથી બંડલ મળશે
ખેતરમાં નાખવા માટે PVC PIPE ISI માર્કાવાળી હોલસેલ ભાવથી મળશે
ટપક પદ્ધતિમાં સરકારમાન્ય કંપની જેમાં GGRC દ્વારા ૭૦% થી ૮૫% સુધી સબસીડી મળશે
રોયલ ઇરીગેશન
જી.આઇ.ડી.સી. અમરેલી
મો.૯૯૧૩૬ ૨૨૨૭૪

ફોર વ્હીલ સનેડા તથા થ્રી વ્હીલ સનેડા બનાવી આપશું.
મારો વિશ્વાસ મારી તાકાત
શ્રી ચામુંડા સનેડો ટ્રેકટર
સરકાર માન્ય સબસીડી મળવાપાત્ર
CHAMUNDA ENGINEERING
શ્રી ચામુંડા એન્જીનીયરીંગ
અમરેલી રોડ, ખુશી રેસ્ટોરન્ટ ની બાજુમાં, મુ.ચિતલ, તા.જી. અમરેલી.
મનિષભાઈ પંડયા
9115821111 9737323402
www.shreechamundaengineering.in